૭૫૨૪

૫૨૪

સૉક્રેટિસનું
જીવન ચરિત્ર.

* વેદાંત પ્રભાત *

*

પ્લેટોનાં પ્રશ્નોત્તર.

ક્રિટો

અથવા

શેહેરીનો સ્વધર્મ

તથા

સૉક્રેટિસનું જીવનચરિત્ર.

ભાષાંતર કરી પ્રકટ કરનાર,
અલાદીન શરીફ સાલેમહમદ.

મુંબઈમધ્યે
"નિર્ણયસાગર" છાપખાનામાં છાપ્યું.
ઈ. સ. ૧૮૯૦.
કિંમત રૂ. ૦।

॥ श्लोकः ॥

निंदंतु नीतिनिपुणा यदि वा स्तुवन्तु ।
लक्ष्मीः समाविशतु गच्छतु वा यथेष्टम् ॥
अद्यैव वा मरणमस्तु युगांतरे वा ।
न्यायात् पथः प्रविचलंति पदं न धीराः ॥१॥

નીતિમાં ડાહ્યા માણસો નિંદા કરો, અથવા તુતિ કરો, લક્ષ્મી પ્રાપ્ત થાઓ અથવા જતી હો, આજજ મરણ હો અથવા કાળાંતરે હો, વો વિચાર લાવીને ધૈર્યવાન્ માણસ ન્યાય-ીથી એક પગલું પણ ખસતા નથી.

મેહેરબાન રાવસાહેબ રા. રા.

હરીદાસ વિહારીદાસ સંસ્થાન

જુનાગઢના નામદાર દિ-

વાનજી સાહેબ.

વિદ્યાની વૃદ્ધિ કરવામાં આપ નિરંતર સ્તુતિપાત્ર ઉત્સાહ રાખતા આવ્યાછો તેથી, ન્યાય અને નીતિ અનુસાર આપનું આચરણ સુપ્રસિદ્ધ છે તેથી, અને આ લઘુગ્રંથ પણ એક ઉત્તમવિષયનો સૂચક છે તેથી અતિ આદરપૂર્વક આપને આ અર્પણ કેરૂંછું.

પ્રસ્તાવના.

વિદ્વાન્ અને જ્ઞાનીપુરૂષોનાં કાર્યો તથા ચરિત્રોથી જાણીતા રેહેવાનું જેવું અગત્યનું છે તેવું બીજું થોડું હશે.

સૉક્રેટિસના શિષ્ય પ્લેટોના રચિત ગ્રંથોનું અવલોકન કરતાં તેમાના એકાદા વિષયનું ભાષાંતર કરી પ્રકટ કરવાનો મને વિચાર થયો. આવાં જ્ઞાનીપુરૂષના ગહનવિષયનું મ્હારી મરજી અનુસાર ભાષાંતર ન કરતાં બનતાંસુધી અસલને વળગી રહી કાંઈ પણ ન્યૂનાધિક કર્યા વગર કીધું છે. મ્હારૂં ગુર્જરભાષાનું જ્ઞાન અલ્પ હોવાનેલીધે ભાષાંતારમાં અનેકસ્થળે ખામીઓ દેખાશે પણ તે સુજ્ઞજનો લક્ષમાં લેશે નહીં એવો ભરોસો છે.

તુરતમાં એક પ્રથમપ્રયત્ન તરીકે સૉક્રેટિસના જીવનચરિત્રનું તથા તેણે પોતાના મિત્ર સાથે

કરેલા નીતિસૂચક વાદનું મેં ભાષાંતર કીધું છે જે ઘણું સંક્ષિપ્ત હોવા છતાં અસરકારક નીવડશે એવી મ્હારી પૂર્ણ ખાત્રી છે. ગ્રીસદેશમાં મનુષ્યોનાં અને સ્થળોનાં નામ આપણી દેશ રૂઢીથી ભિન્ન હોવાનેલીધે વાંચનારી પ્રજાની સુગમતા અર્થે આ પુસ્તકમાં મનુષ્યનાં નામ વધારે મ્હોટા અક્ષરમાં આપ્યાં છે અને સ્થળોનાં નામનો માત્ર પ્રથમઅક્ષરજ મ્હોટો કરી બતાવ્યો છે. ઉપરાંત્ ભાષા પણ યથાશક્તિ સરળ અને સ્પષ્ટ કીધી છે.

સૉક્રેટિસ મહાસત્યવાદી, સદાચારી, સહનશીળ અને મૃત્યુના ભયથી રહિત હતો. અંતકાળપર્યંત પણ તેણે નીતિનો ત્યાગ કર્યો નહીં. કોઈ શીખવી કે શીખી શકતું નથી એ તેનો મહાભારત સિદ્ધાંત હતો. તે વારંવાર કહેતો કે શીખવું એ કાંઈ નથી પણ માત્ર પુનઃસ્મરણ છે. વળી તેનો બીજો સિદ્ધાંત એ હતો કે વિરુદ્ધમાંથી વિરુદ્ધ વિષય ઉત્પન્ન થાયછે. જેમકે

જન્મમાંથી મરણ અને મરણમાંથી જન્મ ઉત્પન્ન થાયછે.

'આઈસૅક ડિઝરાયેલી પોતાના (Curiosities of Literature) "વિદ્યાની નવાઈ" નામના પુસ્તકમાં (Poverty of the Learned) "વિદ્વાનોની નિર્ધનતા" ના મથાળાતળે લખેછે "લક્ષ્મીદેવી જ્ઞાની પુરૂષોને કદાચિતજ સહાય થાયછે." ખરેખર તેજપ્રમાણે સૉક્રેટિસ પણ ઘણી દરિદ્ર સ્થિતિમાં હતો છતાં નીતિના ધોરણથી એક પગલું અણ ખસ્તો નહીં એ ધડો લેવા યોગ્ય છે.

બંધિખાનેથી 'ગુપ્તરીતે નહાસી જવાનું ક્રિટોએ ઘણા વાદ અને આગ્રહપૂર્વક સમજાવ્યું પણ સૉક્રેટિસ ચળાયમાન થયો નહીં, અને બંધિખાનેથી નહાસવું એ અત્યંત ન્યાયવિરૂદ્ધ છે એમ પ્રશ્નોત્તરથી સિદ્ધ કરી આપ્યું જે આગળ વાંચતાં જણાશે.

ભાષાંતરકર્તા.

સૉક્રેટિસનું જીવનચરિત્ર.

સૉક્રેટિસનો જન્મ, માબાપ અને તેની પૂર્વાવસ્થા.

સિત્તોતેરમાં આલિમ્પેડના ચોથા વર્ષમાં અથવા ઇસ્વીસન પૂર્વે ૪૬૯ ના વર્ષમાં એ-ટીકાના એલોપીસી નામના એક ન્હાના ગામડામાં સૉક્રેટિસનો જન્મ થયો હતો. સૉક્રેટિસનાં માબાપ કોઇ પ્રકારે પ્રસિદ્ધિ પામેલાં ન હતાં. તેનો બાપ સોફ્રૉનિકસ એક સાધારણ પૂતળાં કોતરનાર હતો અને તેની મા ફિનારેટા માત્ર સોયાણી હતી. પ્લેટોના કહેવાપ્રમાણે તેની મા સહાસિક અને ઉદાર સ્વભાવની હતી અને સૉક્રેટિસ પણ પ્રસં-

ગોપાત પોતાનાં માબાપનું માનપૂર્વક કથન કરતો. સૉક્રેટિસ પોતાના પિતાની પેઠે પૂતળાં કોતરવાની કળા શીખ્યો જેમાં કેટલીક હદસુધી તે સફળ થયો હતો, અને પોતાના પિતાના મૃત્યુ પછી પણ આ ધંધો તેને નિર્વાહ અર્થે કરવો પડતો. આ ધંધામાં તેને પ્રથમથીજ રૂચિ ન હતી પણ શું કરે ઘણીજ ગરીબસ્થિતિ હોવાનીલીધે અગત્ય પડતાં તે કામમાં લક્ષ આપવું પડતું, આટલું છતાં પોતાના અવકાશનો સઘળો સમય તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરવામાં તે વાપરતો. આ સઘળું એથેન્સના એક ધનાઢ્ય અને જ્ઞાનીપુરૂષ ક્રિટોના જોવામાં આવ્યું જેણે સૉક્રેટિસને પોતાના આશ્રય તળે લીધો અને પોતાના બે પુત્રોને કેળવણી આપવાનું કામ તેને સોપ્યું. હવે પ્રખ્યાત જ્ઞાનીઓનાં ભાષણો સાંભળવાને તેને વારંવાર પ્રસંગો મળવા

લાગ્યા અને અંતે તેણે પૂતળાં કોતરવાના ધંધાનો પણ પરિત્યાગ કીધો.

સૉક્રેટિસની યુદ્ધસમયે વર્તણુક.

એથેન્સ અને સ્પાર્ટા વચ્ચેની લાંબી વઢવાડમાં શસ્ત્રો ધારણકરવાનું સૉક્રેટિસને રાજ્યતંત્રફથી કેહેવામાં આવ્યું અને પોટીડીયાને ઘેરો નાંખતાં જે સહનશક્તિ અને શૂરાતન તેણે દર્શાવ્યાં તેથી તેની ચારેકોર પ્રતિષ્ઠા થવા લાગી. થ્રેશિયાના દુ:સહ શિયાળામાં જ્યારે બીજા બધા ચર્મ ઓઢી ફરતા ત્યારે સૉક્રેટિસ માત્ર હમેશનાંજ વસ્ત્રો પેહેરતો અને બરફથી ઢંકાયલા રસ્તા ઉપર ઉઘાડે ચરણે ચાલતો.

મદિરાનું પાન તે કદીપણ ઇચ્છાપૂર્વક કરતો નહીં અને જ્યારે તેમ કરવાનો તેને આગ્રહ કરવામાં આવતો ત્યારે બીજા બધા

કરતાં તે અધિક પીતો, છતાં આશ્ચર્ય-કારક એ હતું કે કોઈ સમયે તે છાકટો થયો ન હતો.

એક સમયે **સૉક્રેટિસ** સવારના પોહોરમાં વેહેલો ઉઠયો અને બહાર આવી કાંઈ ઉંડા વિચારથી ઘેરાઇ ઉભો હતો. ઉભાં ઉભાં છેક મધ્યાન્હ થવા આવ્યા પણ ત્યાંથી તે ખસ્યો નહીં. અંતે રાત્ર પડી અને ગ્રિષ્મઋતુ હોવાનેલીધે કેટલાક સીપાઇયો ભોજન લઈ ત્યાં સુવાને આવ્યા જેઓના કેહેવા અનુસાર **સૉક્રેટિસ** આખી રાત તેજ સ્થળે વિચારમાં સ્તબ્ધ થઈ ઉભો હતો અને સૂર્યોદય થતાં તેનું પ્રાર્થનાપૂર્વક પૂજન કરી ત્યાંથી જતો રહ્યો.

કેટલાએક વર્ષો પછી **સૉક્રેટિસ** બિયોટિયા ઉપરની ચડાઈમાં દાખલ થયો; જ્યાં ડેલિયમ આગળ સેઓની હાર થવાથી તે

શાંતપણે રણભૂમીમાંથી પાછો ફર્યો. થોડુંક ચાલ્યો હશે એટલામાં તેણે ઝેનોફનને ઘાયલ થઈ ભૂમી ઉપર પડેલો જોયો. તરતજ સૉક્રેટિસે તેને પોતાના ખભા ઉપર ઉચકી લીધો અને શત્રુઓના પ્રહારથી મુક્ત કીધો.

સૉક્રેટિસ, રાજ્યમંડળીનો સભાસદ.

સાઠવર્ષની વૃદ્ધવયે દેશના રાજ્યકારભારમાં સૉક્રેટિસે હાથ નાખ્યો. પાંચસો માણસની રાજ્યમંડળીમાં સૉક્રેટિસને એથેન્સના પ્રતિનિધિ તરીકે ચુંટી કાઢવામાં આવ્યો હતો. આ હોદ્દાનાં કાર્ય અને રૂઢીનો તેને અનુભવ ન હતો તેથી પ્રથમ તો તેના સહકારીઓ તેના ઉપર હસતા પણ તેઓ કરતાં ડહાપણ અને ચપળતામાં પોતે વિશેષ છે એવું ટુંકસમયમાંજ તેણે ખાત્રીપૂર્વક દર્શાવી આપ્યું. એથેનીયનોના દસ વર્ગમાંથી રાજ્યમંડલીને યોગ્ય પાંચસો માણસો

ચુંટી કાઢવામાં આવતાં હતાં. પાંત્રીશ દિવસ સુધી પ્રત્યેક વર્ગના પાંચ સભાસદોને વારાફરતું પ્રમુખપણું મળતું અને ત્યારે તેઓ પ્રિટેનીસના નામથી ઓળખાતા. એવા પચાસ પ્રિટેનીસોમાંથી દસ જણને ૬૨ સાતમે દહાડે પ્રમુખપણાનો અધિકાર મળતો અને તે દહાડે તે એપિસટેટિસના નામથી સર્વોપરી સત્તા ભોગવતા. આ પ્રમાણે સૉક્રેટિસને એક દહાડે સર્વોપરી સત્તા મળી હતી જે સમયે દેશના સંરક્ષણગઢની અને રાજ્યના ભંડારની ચાવીઓ પણ તેને સ્વાધીન હતી.

સૉક્રેટિસનું તત્ત્વજ્ઞાન.

સૉક્રેટિસ તત્ત્વજ્ઞાની તરીકે તથા સદાચાર અને નીતિના શીખવનાર તરીકે ઘણો પંકાયલો છે. તેના શિષ્ય પ્લેટોના લખવા અનુસાર એકેડેમી, લાસ્યમ, અને ઇલિસસ નદીના તીર ઉપર આવેલા રમણીય સ્થળે

સૉક્રેટિસ વારંવાર જતો જ્યાં, તેના સંખ્યાબંધ શ્રોતાઓપણ તેની સાથેજ જતા.

ઝેનોફન કહેછે કે સવારના ભાગમાં તે વસ્તીવાલા રસ્તાઉપર તથા અંગબળની શાળાઓમાં ફરતો અને અવશેષ સમય પ્રસિદ્ધ મંડળિઓમાં વાદ કરવામાં ગાળતો.

પ્લુટાર્ચે વર્ણન કરેછે કે માત્ર નિયમિત વખતે અને રસ્તે ફરતાંજ **સૉક્રેટિસ** શીખવતો નહિ. પણ રમતાં અને ખાતાં પણ તે શીખવવાનું ચાલુજ રાખતો. સર્વસ્થળે છાવણીમાં, તથા બજારોમાં અને છેલ્લે બંધીખાનામાં પણ તે આનંદસહિત બોધ આપતો.

તેને પણ ડાકટર **જૉનસનની** પેઠે એકાંત સ્થળો રૂચતાં નહીં. "એકવાર ફીડ્રસે તેને કહ્યું—"**સૉક્રેટિસ,** કેવું વિચિત્ર છે કે તમે **એથેન્સની** બહારના ક્ષેતરોથી પણ અજા-

ણ્યા છો ?" સૉક્રેટિસે ઉત્તર આપ્યો—" હું શીખવાને ઘણો આતૂર છું અને ખેતરો તથા વૃક્ષોમાંથી મને કાંઈ જ્ઞાન મળવાનું નથી. માત્ર હું શેહેરનાં માણસો પાસેથીજ જ્ઞાન સંપાદન કરી શકીશ." આથીજ સૉક્રેટિસ જ્યાં જથાબંધ માણસો ભેળાં થતાં ત્યાં અવશ્ય જતો અને સર્વના સાંભળતાં યુવાન અથવા વૃદ્ધ, ધનવાન કે નિર્ધન જે કોઈ ઇચ્છે તેની સાથે વાત કરતો. આ પ્રમાણે તેનો આખો સમય ભિન્ન ભિન્ન વિષયોં ઉપર ચર્ચા કરવામાં જતો. તેનાં વચનો તેના શ્રોતાઓને અત્યંત મનોહર અને બોધકારક થતાં જેથી કેટલાંક માણસોએ તો તેની પૂઠેજ ફરવાની પોતાની ટેવ કરી મૂકી હતી.

સૉક્રેટિસની વાદ રીતી.

સૉક્રેટિસ જેની સાથે વાત અથવા વાદ કરતો તેને પોતાના ધારેલા સિદ્ધાંત ઉપર લા-

વવામાટે દ્રષ્ટાંત આપી સંખ્યાબંધ પ્રશ્નો પૂછતો અને તે પ્રત્યેક પ્રશ્નના ઉત્તરમાં તેની હા મેળવતો. આ પ્રમાણે તે ઘણાખરાને વાદમાં જીતતો. મી. જ્યાર્જ લેવીસ કહે છે "જેઓ માત્ર પોતાના છટાદાર ભાષણને-લીધે પોતાને બુદ્ધિમાન માનતા તેઓને સૉક્રેટિસ જેવો પ્રતિપક્ષી ઘણો ત્રાસદાયક લાગતો, અને તે સમયે પોતાને ડાહ્યા માનનારા કાંઈ થોડા ન હતા.". સૉક્રેટિસ પ્રસિદ્ધ રીતે કહેતાં "હું કાંઈ જાણતો નથી" ન જીવી બાબતમાં પણ તે અસત્ય બોલતો નહીં.

સૉક્રેટિસનું ડહાપણ અને તેના શત્રુઓ થવાનું કારણ.

ઝેનોફન, સૉક્રેટિસને ગણિત, ભૂમિતિ અને જ્યોતિષશાસ્ત્રમાં પ્રવીણ ગણેછે. ઇડોમિનસ તેને સુભાષિત ભાષણમાટે વખાણે

છે, **લિરટિયસ** તેને વૈદકમાં કુશળ માનેછે, અને પ્લેટો તે ઉપરાંત પદાર્થજ્ઞાનનેમાટે પણ તેનો સત્કાર કરેછે. **સિસેરો** ખાત્રીપૂર્વક વદે છે કે સત્યતામાં, સહનશક્તિમાં, ડહાપણમાં, બુદ્ધિની તીવ્રતામાં, નમ્રપણામાં અને ભિન્ન ભિન્ન વિષયો ઉપર સરળપણે તથા અસરકારક રીતે ભાષણ આપવામાં સૉક્રેટિસ સમાન બીજો મળવો દુર્લભ છે. આ વાત આખું ગ્રીસ અને તેના વિદ્વાન્ પુરૂષો પણ વગરવાદે માન્ય કરેછે.''

સૉક્રેટિસ પોતાના દેશબંધુઓની પેઠે સ્વપ્ન અને ચમત્કારી બનાવો ઉપર ઘણો વિશ્વાસ રાખતો હતો. **સૉક્રેટિસ** દિન પ્રતિદિન વિદ્વાનોની પંક્તિમાં ખપવા લાગ્યો, એટલામાં તેનેવિષે મિત્રભાવ રાખનાર **ચેરોફન**, ડેલ્ફીને મંદીરે ગયો અને ત્યાંની દેવીને પુછયું “ **સૉક્રેટિસ** કરતાં કોઈ વધારે જ્ઞાની

છે ?" દેવીએ ઉત્તરમાં "કોઈ નથી" એમ કહ્યું. આ વાત જ્યારે સૉક્રેટિસને કાને પડી ત્યારે તે ઘણો વિસ્મય થયો; કારણ પોતે કોઈ વિષયમાં ડાહ્યો નથી એવું તે સ્પષ્ટ જાણતો હતો છતાં પણ તે દેવીનાં વચનો ખોટાં છે એમ કેમ કહેવાય? અંતે કોણ ખરૂં છે તે સિદ્ધ કરવાને કરેલ પ્રયત્ન સૉક્રેટિસ પોતાની તપાસની વેળાએ આ પ્રમાણે વર્ણવે છે.

"જેઓ બુદ્ધિમાન પુરૂષોમાં ખપતા હતા તેઓમાંના એક આગળ પ્રથમ હું ગયો જે રાજ્યનીતિમાં કુશળ ગણાતો હતો. મેં વિચાર કર્યો કે આ માણસ મ્હારાથી વધારે બુદ્ધિમાન સિદ્ધ થાય તો દેવીને ખોટી પાડી કહીશ કે "આ માણસ મ્હારા કરતાં વધારે ડાહ્યો છે" પણ કહેવાની અગત્ય નથી કે જેમ બીજાઓ અને વિશેષ કરી તે પોતે ધારતો હતો તેમ તે ડાહ્યો ન હતો. આવાત મેં

તેને પ્રશ્નોત્તરથી સિદ્ધ કરી આપી, જેથી તે પોતે તથા તેના કેટલાક મિત્રો કે જે તે વખતે પાસે બેઠા હતા તેઓ મ્હારા ઉપર ઘણા કોપાયમાન થયા. ત્યાંથી પાછાં ફરતાં હું મ્હારા મન સાથે બોલ્યો "ખરેખર હું આ માણસ કરતાં તો ડાહ્યો છું કારણ કે તે કાંઈ જાણતો નથી છતાં પોતે સર્વ જાણેછે એમ કેહેછે અને હું કાંઈ જાણતો નથી તેથી મ્હારૂં અજ્ઞાન આનાકાની વગર અંગીકાર કરૂંછું, માટે આ નજીવા વિષયમાં તો હું વધારે ડાહ્યો છું ખરો.

વળી હું બીજા આગળ ગયો જ્યાંપણ એજ પરિણામ આવ્યું અને તેને તથા તેના મિત્રોને મ્હારાંઉપર ઘણો ક્રોધ ચડ્યો. આ પ્રમાણે ઘણા જણ મારા શત્રુ થવા લાગ્યા; જે જાણી મને શોકસહિત દુઃખ થવા લાગ્યું પણ શું કરૂં મને "ડાહ્યો" કેહેવામાં દેવીનો શું તાત્પર્ય છે તે મ્હારે જાણવો જોઇએ.

હવે રાજ્યપ્રકરણમાં કુશળ માણસોને પ-ડતાં મૂકી હું કેટલાક કવિઓ પાસે ગયો, જેઓ મ્હારાથી અવશ્ય ડાહ્યા નીવડશે એવો મને સંપૂર્ણ ભરોસો હતો. તેઓના શ્રેષ્ઠ કા-વ્યોમાંથી કેટલાંક ચરણો મે ચુંટી કાઢયાં અને તેમાંથી મને કાંઈ નવિન જ્ઞાન મળશે એવા હેતુથી તેનો અર્થ તેમને પૂછયો. આ એથેનીયનો મને ખરૂં કેહેતાં શરમ આવેછે પણ સત્યવાત કહ્યા વગર છુટકો નથી કે સાધારણ બુદ્ધિવાળા માણસ પણ તેઓ કરતાં કાંઇ વધારે સારો અને મનમાનતો અર્થ કરી શકત. આ ઉપરથી મેં સ્પષ્ટ જા-ણ્યું કે તેઓની કાવ્યરચના કાંઈ બુદ્ધિદ્વારા થતી નથી પણ સ્વભાવિક વલણદ્વારા થાયછે.

છેલ્લે હું કારીગરોને આશ્રે ગયો; જેઓ ઘણા ઉત્તમ વિષયોમાં કુશળ હશે, એવું મેં ધાર્યું, અને તે ધારણામાં હું નિષ્ફળ થયો

નહીં કારણ કે જે વિષયમાં હું અજાણ હતો તે વિષયમાં તેઓ પ્રવીણ હતા, માટે તેટલા અંશમાં તેઓ મ્હારાથી ડાહ્યા હતા તેમાં ના નહીં. માત્ર ખેદકારક એટલુંજ છે કે તેઓ પણ કવિઓની પેઠે ભૂલથી ઘેરાયલા હતા તે એ, કે માત્ર એકજ વિષયમાં કુશળ હોવાને-લીધે પોતાને બધા વિષયમાં અને બીજા બધા માણસો કરતાં ડાહ્યા માની બેઠા હતા. તેઓ-ની આ મહાનખોડ તેમના સર્વ ડહાપણને ઢાંકી મૂકતી હતી.

આ એથેનીયનો આ પ્રમાણે શોધ કરતાં એ-કગમ કેટલાક જણ મ્હારા જીવલેણ શત્રુ થઇ પડ્યા અને બીજીગમ જોતાં મને વિદ્વાન્ પુરૂષની સંજ્ઞા અને સત્કિર્તીની પ્રાપ્તિ થઈ."

સૉક્રેટિસનો દેવ.

પ્લેટો, એરીસ્થિનીસ અને અસંખ્ય પ્રા-

ચિન ગ્રંથકારો કહેછે કે એક દૈત્ય અથવા દેવતા નિરંતર સૉક્રેટિસની સાથે રહેતો અને ભયને સમયે તેની રક્ષા કરતો. પણ આ દૈત્ય અથવા દેવતા કોણ હતો અને એ દૈત્ય અ-થવા દેવતા શબ્દથી આપણે શું સમજવું તે-વિષે પ્રાચિન કે અર્વાચિન ગ્રંથકારો કાંઈ લ-ખતા નથી, તોપણ તેઓમાંના ઘણાખરા એકમત થાયછે કે તે દૈત્ય નિષેધરૂપ બોધ આપતો પણ વિધિરૂપ આપતો નહીં. સૉ-ક્રેટિસ પણ વારંવાર કહેતો કે "આ દેવ મ્હારી બાલ્યાવસ્થાથી મ્હારી સમીપ રેહેતો આવ્યો છે અને હું આજપર્યંત તેની આજ્ઞા-નુસાર વર્ત્તતો આવ્યો છું."

સૉક્રેટિસ વારંવાર કાંઇ કાર્ય કરતાં અ-થવા ભાષણ કરતાં અચાનક અટકી જતો અને જ્યારે તેનું કારણ પૂછવામાં આવતું ત્યારે તે કેહેતો "હવે આમાં આગળ વધ-

વાને મ્હારો દેવ ના પાડે છે" આ પ્રમાણે સૉક્રેટિસ તેના વચનોને વગર વિલંબે આધીન થતો.

સૉક્રેટિસને માથે મુકાયલો આરોપ.

સૉક્રેટિસના વખતમાં મિથ્યાવાદ કરનારા ઘણા હતા. તેઓ, સર્વ જાણેછે એવું ડોળ ઘાલી યુવાન પુરૂષોને પોતાને આશ્રે બોલાવતા. આવા મિથ્યાવાદીઓની પ્રશ્નોત્તરરૂપી વાદયુદ્ધમાં સૉક્રેટિસ નિરંતર જીતતો અને તેઓના અજ્ઞાનયુક્ત શુષ્ક તર્કને ઉઘાડા પાડતો. આ પ્રમાણે મિથ્યાવાદીઓના પ્રતિપક્ષી તરીકે સૉક્રેટિસ આખા એથેન્સમાં પંકાઈ ગયો.

તેને ઍનીટસ નામના એક નીચ અને લોભી ભાષણકર્તા સાથે ઘણો અણબનાવ હતો. તે ભાષણકર્તાએ પોતાના બે પુત્રોને સૉક્રેટિસના

હાથતળે જ્ઞાન સંપાદન કરવાને મૂકેલા હતા, પણ તેઓની બુદ્ધિ ન્યૂન હોવાથી તેઓ કાંઈ ગ્રહણ કરી શક્યા નહીં. આથી તેણે પોતાના પુત્રોને ત્યાંથી ખસેડી લીધા અને તેઓને બીજા કોઈ ઉદ્યમમાં લગાડી **સૉક્રેટિસની** પ્રસિદ્ધમાં નિંદા કરવા માંડી. આટલેથી પણ સંતોષ ન પામતાં **ઍનીટસે** વૈર લેવાનો નિશ્ચય કીધો. આ નીચ ઈચ્છામાં તેણે એક **મેલીટસ** નામના યુવાન ચતુરવક્તાની સંમતિ લીધી જેણે હાસ્યરસ નાટક રચનાર **એરિસ્ટોફેન્સની** સહાયતા લેવાનું કહ્યું. અંતે તે નાટકકારે "ક્લાઉડસ" નામના પોતાના હાસ્યરસ નાટકમાં **સૉક્રેટિસની** અને **સૉક્રોટસની** બોધરીતીની નિંદા કરવાનું માથે લીધું.

આ વાતને કેટલાંક વર્ષ વીતી ગયાં અને **મેલીટસે** યોગ્ય પ્રસંગ જોઈ રાજ્યમંડળીમાં **સૉક્રેટિસ** વિરુદ્ધ એક અરજ મોકલી. તે આ

પ્રમાણે છે. "આ દેશની પ્રજા જે દેવતાઓ-વિષે આસ્તા રાખેછે તે દેવતાઓમાં આસ્તા ન રાખી નવિન ઉભા કરવામાં અને યુવાન પુરૂષોની બુદ્ધિ સુધારવાને બદલે ભ્રષ્ટ કરવામાં સૉક્રેટિસ દેશના ધારા વિરૂદ્ધ વર્ત્તે છે માટે તેને દેહાંત શિક્ષા થવી જોઇએ."

આ પ્રમાણેની અરજી મેલીટસે પ્રતિજ્ઞાપૂર્વક રજુ કરી તેથી નિર્માણ કરેલે દિવસે સૉક્રેટિસને ન્યાયકચેરીમાં હાજર કરવાને ક્રિટો જામીન પડ્યો હતો.

વચલો સમય સૉક્રેટિસ આનંદસહિત હમેશની પેઠે તત્ત્વજ્ઞાનના અભ્યાસમાં નિર્ગમન કરતો પણ ન્યાય સમક્ષ પોતાનો શું બચાવ કરવો તેવિષે લેશપણ શ્રમ લેતો નહી.

વળી તે કહેતો કે હવે વધારે આયુષ્ય ન ભોગવતાં હું મરણ પામું એ દેવતાઓને વધારે

ઉચ્ચિત ભાસે તો તેમાં નવાઇ નહીં; કારણ કે તેઓ આમ ધારતા હશે "સૉક્રેટિસ હવે વધારે જીવશે તો તેને વૃદ્ધાવસ્થાનેલીધે વધારે પરાધીન થવું પડશે, તેની દ્રષ્ટીમાં, શ્રવણશક્તિમાં અને અંતે બુદ્ધિમાં પણ ઘણી ન્યૂનતા થશે, એટલુંજ નહીં પણ આવી દુઃખદાયક જીંદગી તેને અત્યંત અસહ્ય થઈ પડશે. માટે તેને હાલ જો દેહાંતશિક્ષા કરવામાં આવે તો તે શિક્ષા અન્યાયથી થઈ કહેવાશે જે તેના ન્યાયાધિશોને ઘણું લજાવનારૂં અને સૉક્રેટિસને ઘણું શોભા આપનારૂં થશે."

સૉક્રેટિસની તપાસ.

નિયમિત દહાડે **સૉક્રેટિસ**, ન્યાયગ્રહમાં હાજર થયો, અને **એનીટસ**, **લીસો**, તથા **મેલીટસે** મૂકેલા આરોપનું ખંડન કરવા ઉભો. **સૉક્રેટિસ** પોતાના બચાવ અર્થે વકીલ લાવ્યો ન હતો. તેનું ભાષણ **સૉક્રે-**

ટિસની સ્વતંત્રતા, ઉત્તમ ગુણો, અને નિર-અપરાધીપણું દર્શાવતું હતું. તેના મિત્રોમાંથી ઘણાજણ તેના બચાવ અર્થે બોલ્યા હતા અને છેલ્લે પ્લેટો પણ બોલવા ઉઠયો, પણ તેની ઓગણત્રીશ વર્ષની ન્હાની ઉમરનેલીધે ન્યાયાધિશોએ તેને બોલવા દીધો નહીં. અંતે તપાસ પૂરી થતાં મત લેવામાં આવ્યા જેમાં સૉક્રેટિસ વિરૂદ્ધ ૨૮૧ મત પડયા. આ પ્રમાણે પ્રતિપક્ષમાં માત્ર ત્રણ મત અધિક થયાથી તેને અપરાધી ઠૈરવી દેહાંતશિક્ષા કરવામાં આવી. શિક્ષા સાંભળી સૉક્રેટિસ બોલ્યો.

" ઓ એથેનીયનો માત્ર ટુંક સમયને-માટેજ તમે સૉક્રેટિસ જેવા વિદ્વાન્ પુરૂષને મારી નાખવાનો દોષ ઓઢી લીધો છે. જોકે હું કોઈપ્રકારે વિદ્વાન્ નથીજ છતાં જેઓને તમારી નિંદાજ કરવી છે તેઓ મને વિદ્વાન્

કહી તમને ઠપકો આપશે. માત્ર થોડોજ કાળ તમે ધૈર્ય રાખત તો તમારા શ્રમ વગરજ તમારૂં ધાર્યું થઇ આવત. મ્હારી વયતરફ દૃષ્ટિ કરો હું અત્યંત વૃદ્ધ થયો છું અને મરણના સમીપ આવ્યો છું. આ સઘળું હું સર્વને કહેતો નથી પણ જેઓએ દેહાંતશિક્ષાનેમાટે અભિપ્રાય આપ્યો છે તેઓનેજ માત્ર કહું છું."

કદાચ તમે એમ ધારતા હશો કે તમારા મન ઉપર અસર કરવાની મ્હારામાં ચપળતા નથી, અને ચપળતા હોત તો આ શિક્ષામાંથી છુટત, પણ તમારે અવશ્ય જાણવું કે મને શિક્ષા થઇ છે તે કાંઈ ચપળતા ન્યૂન હોવાનેલીધે થઈ નથી પણ નિર્લજપણું ન્યૂન હોવાનેલીધે થઇ છે. જેમ બીજાઓ વર્તતા આવ્યા છે અને તે વર્તણુકથી તમને આનંદ થતો આવ્યો છે તેમ તમારી સમક્ષ રૂદન ક-

રવાનું, તથા કંગાળ, દીન અને અપરાધી પુરૂષની પેઠે નિર્લજપણે કરગરવાનું હું ખાત્રીપૂર્વક કહું છું કે મને આવડતું નથી અને છાજતું નથી. તમે નિશ્ચય જાણજો કે તમારી મતિ અનુસાર બચાવ કરી જીવવા કરતાં મ્હારી મતિ અનુસાર કરી મરવું વધારે શ્રેષ્ઠ છે. જેમ યુદ્ધમાં પરાજય પામેલો યોદ્ધો શત્રુઓને શરણ થઈ પોતાનો જીવ બચાવી શકે છે તેમ તમારી આગળ દીનતા દર્શાવી હું પણ બચી શકું ખરો, પણ "આ એથેંનીયનો તેમ ધારવામાં તમારી મ્હોટી ભૂલ છે કારણ કે કાળના સપાટામાંથી મુક્ત થવું એ વિકટ નથી પણ આરોપમાંથી મુક્ત થવું એજ વિકટ છે.

પણ હવે મ્હારી એવી ઇચ્છા છે કે આ સ્થળ મૂકી ગયા અગાઉ તમારૂં ભવિષ્ય ભાંખતો જાઉં. મ્હારી મૃત્યુ પછી તમારા ઉપર

મહાદારૂણ કોપ ઉતરશે. તમે ધારતા હશો કે તમારે તમારા કાર્યનેમાટે કોઇને જવાબ દેવો નહીં પડે, પણ તેમ નથી. હું નિઃશંક કહું છું કે તેથી ઉંધુંજ થશે. ઘણાજણ જેઓને તમે જોયા નથી અને જેઓને મેં આજપર્યંત બોલતા અટકાવ્યા છે તેઓ તમારી પાસેથી સર્વ વાતનો ઉત્તર માગશે અને તેઓ યુવાન હોવાથી તમને વધારે શ્રમ આપી અત્યંત પજવશે. આ પ્રમાણે એકને માર્યાથી પોતાનો બચાવ કરવો જેમ શક્ય નથી, તેમ ઉંમદા પણ નથી. હવે મ્હારી અધિક વિનતિ એ છે કે, આ એથેનીયનો, જો મારા પુત્રો મોટા થયા પછી દ્રવ્યને અથવા બીજા કશાને નીતિ કરતાં વધારે મૂલ્યવાન ગણે તો જેમ મેં તમને રીબાવ્યા છે તેમ તમે પણ તેઓને રીબાવજો. તેઓ જો પોતાને બુદ્ધિમાન અને જ્ઞાતા માને પણ વાસ્તવિક જોતાં તેમ

ન હોય તો તેઓને ઠપકો આપી શિક્ષા કરજો. તમે આ પ્રમાણે વર્ત્તશો તો મને અને મ્હારા પુત્રોને તમારે હાથે ન્યાય મળ્યો કહેવાશે.

હવે આંહીંથી જવાનો સમય થયો છે. મ્હારે મરવાનો અને તમારે જીવવાનો. પણ કોનું ભાવી વધારે શ્રેષ્ઠ છે તે માત્ર પરમેશ્વર જાણેછે."

સૉક્રેટિસ બંધિખાનામાં.

આ પ્રમાણે ભાષણ થઇ રહ્યા પછી, સૉક્રેટિસને બંધીખાને લઇ જવામાં આવ્યો. આ પ્રસંગે એવું બન્યું કે તેજ દિવસે એક વહાણ ડેલોસના ટાપુને વાર્ષિક ભોગ આપવાનેમાટે હંકાર્યું હતું. એથેન્સમાં એવો નિયમ હતો કે તે વહાણ પાછું આવે ત્યાર પછી જ દેહાંત વગેરે કઠિણ શિક્ષાનો અમલમાં

લાવવી. સૉક્રેટિસને વિષ પાઈ મારી નાખ-વાનો હતો પણ ઉપલા પ્રસંગને લઈ ત્રીશ દિવસની રોકત થઇ. તે અરસામાં પ્લેટો, ક્રિટો તથા બીજા મિત્રો વારંવાર તેની પાસે જતા અને તેને બંધીખાનેથી નહાસી જવાનું સમજાવતા, પણ સૉક્રેટિસ તેઓની વાતને હસી કાઢતો અને કહેતો "તમે એટીકાની બહાર કોઇ એવું સ્થળ જાણો છો કે જ્યાં મૃ-ત્યુનો ભય ન હોય?"

સૉક્રેટિસનું મૃત્યુ.

સૉક્રેટિસની મરણ વેળાએ તેનો શિષ્ય પ્લેટો પાસે હતો; તેના વર્ણન અનુસાર તે વેળાનો દેખાવ ઘણો હૃદયભેદક હતો. તે દિ-વસ સૂર્યોદયથી અસ્તસુધી સૉક્રેટિસે પોતાના મિત્રોસાથે આત્માના અમરપણાવિષે વાદ ક-રવામાં ગાળ્યો જે વાદ ફીડો નામના પ્લે-ટોની પ્રશ્નોત્તરમાં વિસ્તારસહિત આવેલો છે.

જ્યારે ઉપલો વાદ પૂરો થયો ત્યારે ક્રિટોએ સૉક્રેટિસને પૂછ્યું "તમારે તમારા પુત્રો-સંબંધી કાંઇ સૂચના કરવી હોય અથવા અમને કાંઇ આજ્ઞા કરવી હોય તો સુખે કહો." "ક્રિટો"—સૉક્રેટિસે ઉત્તર વાળ્યો.—"મ્હારે કાઈ વિશેષ કેહેવાનું નથી. મ્હારી પ્રથમથીજ એટલી ભલામણ છે કે નીતિ અને ન્યાય અનુસાર વર્તજો."

"તેમ થશે સૉક્રેટિસ પણ તમને કયે પ્રકારે ભૂમીદાહ કરવા?"

"તમારી મરજીમાં આવે તે રીતે"—સૉક્રેટિસે હસીને કહ્યું—"વીષનું પાન કર્યા પછી હું તમારી સાથે વધારે વાર રહીશ નહીં. પણ જ્યાં પરમસુખ અને અખંડાનંદ વર્તે છે ત્યાં પહોંચીશ. ક્રિટો, મને અગ્નિવિષે ભષ્મ થઈ ભૂમિમાં દટાતો જોઇ એમ નહીં કહેશો કે સૉક્રેટિસને બાળીને દાટવામાં આ-

વેછે અથવા આ ક્રિયાને સૉક્રેટિસ સાથે લેશ-પણ લાગતું વળગતું છે. હું સ્પષ્ટ કહું છું કે માત્ર મારૂં શરીરજ દટાશે અને તે દેશરૂઢી અનુસાર દાટજો. ”

આ પ્રમાણે કહી સૉક્રેટિસ, ક્રિટો સહિત અંદરના ઓરડામાં ગયો અને પ્લેટો કહેછે કે અમે નબાપાપુત્રોની પેઠે અમારી દરિદ્રતાનો વિચાર કરતા એકલાજ બહાર બેઠા.

સૉક્રેટિસની સ્ત્રી સંતાન કરી ત્રણ પુત્રો જેમાંના બે બાળક અને એક યુવાન હતો તેઓને સાથે લઇ આવી હતી; તેઓને ઘરસંસારી સૂચના આપી વિદાય કર્યા બાદ સૉક્રેટિસ પાછો પોતાના શિષ્યો અને મિત્રો પાસે બહાર આવ્યો.

હવે સૂર્ય અસ્ત થવાનો સમય હોવાનેલીધે એક અધિકારી સૉક્રેટિસની સમીપ આવ્યો

અને બોલ્યો, "સૉક્રેટિસ, ટૂંક સમયમાં તમારે વિષપાન કરવું પડશે એ શોકકારક સંમાચાર હું કેહવા આવ્યો છું. હું આ બંધિખાનામાં ઘણાં વર્ષ થયા છું અને મ્હારી દૃષ્ટિ આગળ ઘણા જણ આંહિં આવી ગયા છે પણ હું ખાત્રીપૂર્વક કહું છું કે અત્યારસુંધીમાં તમારા જેવી શાંત અને આનંદિત પ્રકૃતિવાળો પુરૂષ મેં આજેજ જોયો છે. તમને વિષ આપતાં મને અત્યંત દુઃખ થાયછે પણ બીજો ઉપાય નથી. હું પરાધીન છું તેથી મ્હારા ઉપરીની આજ્ઞા મ્હારે શિર ચડાવવી જોઇએ."

"ઈશ્વર તારૂં કલ્યાણ કરો"—સૉક્રેટિસે તે અધિકારીને ઉત્તર દીધો જે અશ્રુ પાડતો ત્યાંથી જતો રહ્યો. "મિત્રો, આ ગ્રહસ્થ પ્રથમથીજ મ્હારાપ્રત્યે માયાળુપણે વર્તતો આવ્યો છે અને હમણાં પણ તેને મ્હારેમાટે રોવું આવેછે. પણ ક્રિટો, હવે વિષ લાવવામાં વિ-

લંબ શાનો છે. તૈયાર હોય તો ભલે કોઈ લઈ આવો અને ન હોય તો કોઇને તૈયાર કરવાનું કહો."

"હજી સૂર્ય અસ્ત થયો નથી"–ક્રિટોએ કહ્યું–"મેં ઘણાને આ સ્થળે વિષ પી દેહનો ત્યાગ કરતાં સાંભળ્યા છે પણ સૉક્રોટસ કોઈએ સૂર્ય અસ્ત થયા અગાઉ પીધું હોય એવું મ્હારા જાણવામાં હજી આવ્યું નથી. ઉપરાંત આટલી ઉતાવળનું કાંઈ પ્રયોજન પણ નથી."

"હા"–સૉક્રેટિસ બોલ્યો–"જેઓએ વિષ પીવાને વિલંબ કીધો છે, તેઓ મૃત્યુથી બીએ છે, અને વિલંબ કર્યાથી કાંઈ મળશે એવું ધારે છે; પણ મને મોડું પીવાથી શું અધિક લાભ થવાનો છે. માત્ર એટલુંજ કે હું જીંદગીને માટે અત્યંતાતુર છું એવું જાણી લોકો મ્હારા ઉપર હસશે, માટે ક્રિટો હું કહું-છું તેમ થવા દીઓ."

ક્રિટોએ એક માણસને મોકલ્યો જે વિષ પાનારસહિત તરત અંદર આવ્યો.

"મ્હારા પ્રિયમિત્ર"—તે પ્યાલું હાથમાં લઇ સૉક્રેટિસ બોલ્યો—"તમે વિષ પાવાની રીતીથી જાણીતા છો માટે મ્હારે શીરીતે પીવું અને ત્યારપછી મ્હારે શું કરવું તે કહો."

"માત્ર એટલુંજ કે વિષનું પાન કર્યા પછી તમારે ચાલ્યા કરવું, અને જ્યારે જાણો કે હવે ચલાતું નથી ત્યારે બેસી જજો."

તરતજ આ સાંભળી સૉક્રેટિસે પ્યાલું મોઢે માંડ્યું અને લેશ પણ ધ્રુજ્યાવગર શાંતપણે પીધું.

જેઓ આ વખતે હાજર હતા અને જેઓએ પોતાનો શોક મહાશ્રમથી દાબી રાખ્યો હતો તેઓએ જ્યારે સૉક્રેટિસને વિષ પીતાં જોયો ત્યારે તેઓથી વધારેવાર સહન થઇ

શકયું નહીં અને નેત્રોમાંથી દડ દડ આંસુ પડવાં માંડ્યાં. આ જોઈ સૉક્રેટિસે કહ્યું. "મ્હારા પ્રિયમિત્રો, આ શું કેહેવાય ! તમે નહીં જોયું કે આ કારણથીજ મેં મ્હારી સ્ત્રી વગરેને આંહીથી મોકલી દીધાં. શાંત થાઓ અને મનુષ્યની પેઠે વર્તો." આ વચનો સાંભળી સૌએ પોતાના આંસુ લુછી નાખ્યાં અને શાંત થવાનો પ્રયત્ન કરવા માંડયો.

આ સમયે સૉક્રેટિસ ચાલ્યા કરતો હતો અને જ્યારે તેનાથી વધારે ચલાય તેમ ન હતું ત્યારે ભીંતને ટેકો આપી તે બેઠો. તરતજ તે વિષપાનારે સૉક્રેટિસના પગને ચમટી દઈ તપાસવા માંડયું અને પૂછયું "તમને આ ચમટીઓ લાગે છે?" "ના" સૉક્રેટિસે ઉત્તર દીધો. થોડીવાર પછી સૉક્રેટિસે ઓઢેલું વસ્ત્ર કાઢી નાખ્યું અને બોલ્યો, "ઇસ્કયુલેપિસને મ્હારે એક મરઘો આપવો રહી

ગયો છે તે અવશ્ય આપશો અને ભૂલશો નહીં"

"તેમ કરશું"–ક્રિટોએ કહ્યું–"બીજું કાંઈ કહેવું છે."

પણ **સૉક્રેટિસે** પ્રત્યુત્તર વાળ્યો નહીં. અને હાથ પગ લાંબા કરી દીધા. ફરીવાર જ્યારે તેના મુખ ઉપરથી વસ્ત્ર કાઢવામાં આવ્યું ત્યારે તેનાં નેત્રો ઉઘાડાં પડ્યા હતાં જે **ક્રિટોએ** પોતાને હાથે બંધ કીધાં. **પ્લેટો** કહેછે.–"આ પ્રમાણે, અત્યંત બુદ્ધિમાન, અત્યંત ન્યાયી, અને અત્યંત શ્રેષ્ઠ પુરૂષનો અંત આવ્યો." અને **સીસરો** કહેછે "તેનું વર્ણન હું અશ્રુપાત થયા વગર કદી વાંચી શકતો નથી."

સૉક્રેટિસના મૃત્યુ પછી એથેનીયનોને પશ્ચાત્તાપ.

પ્લેટોના વર્ણન અનુસાર **સૉક્રેટિસ** આસરે સિત્તેર વર્ષની વયે ઇ. સ. પૂર્વે ૩૯૯ માં

મરણ પામ્યો. તેને તેના મિત્રોથી ઘણા દુઃખ દુઃખાસહિત દાટવામાં આવ્યો તેમાં પ્લુટાર્ચ કહેછે કે, પ્લેટોને તેના મૃત્યુથી અત્યંત શોક થતો અને વારંવાર તેની ચક્ષુમાંથી અશ્રુની ધારા પડતી. સૉક્રેટિસના મૃત્યુ પછી તેના શિષ્યો અને મિત્રો, પોતાની પણ એજ વલે થશે એવું ધારી યુક્લિડ, મેગારા વગેરે પાસેના ગામડામાં જઈ રહ્યા, જેઓએ તેમને આવકાર દઈ અંદર લીધા.

ત્યાર પછી ટુંક સમયમાંજ એથેનીયનોને પોતાની ભૂલ ધ્યાનમાં આવી અને સૉક્રેટિસ જેવા મહાવિદ્વાન્ તત્ત્વજ્ઞાનીને કરેલો અન્યાય તેઓને ઘણો ડંખવા લાગ્યો. આથી સૉક્રેટિસ ઉપર મિથ્યારોપ મૂકનાર મેલીટસને રાજ્ય તરફથી મારી નાખવામાં આવ્યો અને એનીટસને દેશત્યાગની શિક્ષા કરી. આટલેથી પણ તેઓનો પશ્ચાતાપ પૂર્ણ ન થતાં તે-

ઓએ સૉક્રેટિસના નહાસી ગયેલા મિત્રો તથા શિષ્યોને પાછા ઍથેન્સમાં બોલાવ્યા, અને લીસિપસ નામના ચપળ શિલ્પિને હાથે સૉક્રેટિસનું પીતળનું પુતળું કોતરાવી પૉમપીયમમાં ઉભું કરાવ્યું.

થોડાક કાલ પછી શેહેરમાં મરકીનો રોગ ફાટી નીકળ્યો જે કોપ પોતાના અન્યાયને-લીધે થયો હશે એવું તેઓએ દ્રઢ માની લીધું અને ગામમાં ઢંઢેરો ફેરવ્યો કે આજ પછી કોઈ માણસે નાટકગ્રહમાં અથવા બીજા પ્ર-સિદ્ધ સ્થળોમાં સૉક્રેટિસનું નામ ઉચ્ચારવું નહીં. આ પ્રમાણે થયાથી પોતાના અન્યા-યનું તત્કાળ વિસ્મરણ થશે એવી તેઓની માનિનતા હતી.

સૉક્રેટિસનો દેખાવ, તેનો સ્વભાવ, તથા તેની સ્ત્રી.

સૉક્રેટિસ દેખાવે ઘણોજ સાદો હતો.

તેનું મુખ શ્યામ વર્ણવાળું હતું. તેનું નાક ચપટું અને આંખો નીચી ઢળેલી હતી, તેને માથે તાલ હતી. સંક્ષેપમાં સૉક્રેટિસની મુખાકૃતિ એવી કદરૂપી હતી કે ઝોફીરસ નામના મુખસામુદ્રિક જાણનારને પૂછતાં તેણે સૉક્રેટિસને દુષ્ટસ્વભાવયુક્ત અને ઘણા મનોવિકારવાળો કહ્યો. આ સાંભળી તેના મિત્રોએ ઝોફીરસને હસી કાઢયો કારણ કે સૉક્રેટિસ એવા સર્વ દુર્ગુણથી રહિત હતો એવું તેઓ નિશ્ચયાત્મક જાણતા હતા. પણ સૉક્રેટિસે પોતાના મિત્રોને શાંત પાડી કહ્યું—"ના, એનું કહેવું સત્ય છે. મારામાં એના કહેવા અનુસાર દુર્ગુણો હતા ખરા પણ મેં તેઓને જ્ઞાનશક્તિદ્વારા દાબી મૂક્યા છે."

પોતે કાંઈ જાણતો નથી એવુંજ માત્ર જાણવાનેમાટે ડેલ્ફીની દેવીએ સૉક્રેટિસને શાણો કહ્યો હતો

સૉક્રેટિસને ઝેનટીપ નામે એક મહાદુષ્ટ અને કજીયાળા સ્વભાવની સ્ત્રી હતી. એક-વાર સૉક્રેટિસ પોતાના મિત્રોસહિત વાતઃ કરતો બેઠો હતો એટલામાં તેની સ્ત્રી આવી અને હમેશની ટેવપ્રમાણે સર્વના દેખતાં વઢવા મંડી. સૉક્રેટિસ કાંઇ પણ પ્રત્યુત્તર ન આપતાં હેઠે ઉતર્યો અને જેવો દ્વારમાંથી બહાર નિકળ્યો કે તેની સ્ત્રીએ તેના ઉપર બારીએથી પાણીનું કુંડુ ઢોળ્યું. સૉક્રેટિસે ઊંચે દૃષ્ટિ કરી જોયું તો પોતાની સ્ત્રી હતી તેથી મિત્રોને કહ્યું "મેં તમને નહીં કહ્યું કે એટલા ગગળાટ પછી મેઘવૃષ્ટિ થવી જોઇએ."

ઝેનટીપ એવા દુષ્ટ સ્વભાવવાળી હોવા છતાં સૉક્રેટિસવિષે શ્રદ્ધા અને ભાવ રાખતી.

કોઈ કે એકવાર સૉક્રેટિસને પૂછ્યું—"સૉક્રેટેસ તમે બુદ્ધિમાન થઇને એવી કજીયાળી

સ્ત્રી શામાટે પરણ્યા?" સૉક્રેટિસે ઉત્તર દીધો—"તમે જાણોછો કે જેને અશ્વકળામાં પ્રવીણ થાવું હોય તેણે મહાતેજી ઘોડા ઉપર બેસતાં શીખવું અને તેવા તેજી અશ્વોને જ્યારે તે જેર કરી શકે ત્યારે તેણે નિશ્ચય જાણવું કે બીજા બધા અશ્વોને તે જેર કરી શકશે. તેજપ્રમાણે તમે જાણોછો કે મ્હારે મનુષ્યો સાથે જીંદગી કાઢવી છે તેથીજ હું આ સ્ત્રીને પરણ્યો અને નિશ્ચય જાણ્યું કે હું આને સહન કરી શકીશ તો પછી પૃથ્વીના બધા કંટાળા સહન કરવાને હું શક્તિમાન થાઇશ.

સૉક્રેટિસનો ઈશ્વરવાદ.

મી૦ જીયાર્જ હેન્રી. લેવીસ કહેછે.

એકવાર સૉક્રેટિસે એરિસ્ટોડમસ સાથે ઈશ્વરસંબંધી વાદ કીધો હતો. એરિસ્ટોડમસ કોઇવાર ભક્તિ કરવાને બદલે બીજા જેઓ તેમ કરતા તેઓના ઉપર

હસ્તો. આ જોઇ સૉક્રેટિસે તેને પૂછ્યું.

સૉ૦—એરિસ્ટોડેમસ તમે આ પૃથ્વી ઉપર કોઇ માણસને તેના ગુણનેમાટે વખાણો છો ?

એ૦—હા ઘણાને.

સૉ૦—મારી વિનતિ છે કે થોડાકનાં નામ કહો.

એ૦—હોમરને કાવ્યરચનામાટે, સોફોક્લસને કરૂણારસ નાટકમાટે, પૉલિકિલિટસને પુતળા કોતરવામાટે અને ઝયુકસિસને ચિત્રકળા માટે હું વખાણું છું.

સૉ૦—પણ એરિસ્ટોડેમસ, તમને આ બેમાં કોણ વધારે વખાણનેપાત્ર લાગે છે. જે ગતિ અને બુદ્ધિરહિત પુતળાં બનાવે છે તે કે ગતિ અને સમજશક્તિવાળાં પુતળાં બનાવે છે તે ?

એ૦—જ્યુપીટરના સમ, સૉક્રેટિસ, જે ગતિ અને સમજશક્તિવાળાં પુતળાં બનાવે છે તે. માત્ર એટલુંજ કે તેનું કાર્ય ભાગ્યથી થયું ન હોય પણ બુદ્ધિથી થયું હોય.

સૉ૦—ઠીક, એવી ઘણી ચીજો છે કે જેનો ઉપયોગ આપણે પ્રત્યક્ષ જાણીયે છીયે અને કેટલીક એવી છે જે શું ઉપયોગમાં આવશે તે આપણે જાણતા નથી. બોલો એરિસ્ટોડમસ આમાંથી કઇ ચીજને આપણે બુદ્ધિનું કાર્ય કહેશું ?

એ૦—સ્પષ્ટ છે, સૉક્રેટિસ કે જે ચીજોનો ઉપયોગ અને યોગ્યતા જાણવામાં હોય તેને.

સૉ૦—પણ એટલું તો સ્પષ્ટ છે કે પરમેશ્વરે પ્રથમ મનુષ્યને ઉત્પન્ન કરી તેને ઇંદ્રિયોસહિત સમજશક્તિ આપી કારણ કે તે તેનેમાટે શ્રેષ્ઠ હતી. આંખ જોવામાટે અને

કર્ણ શ્રવણમાટે આપ્યાં. કહો એરિસ્ટોમસ જો ઘ્રાણેંદ્રિય ન હોત તો સુગંધિ પદાર્થોનું શું કામ હતું ? વળી સ્વાદેંદ્રિય ન હોત તો કડવા મીઠા વગેરે પદાર્થોનું પણ શું પ્રયોજન હતું ? શું આ સર્વ યુક્તિ અને બુદ્ધિનું કાર્ય નથી ? અથવા હજુ શું તેમાં તમને શંકા રહેછે ?

એ૦—તે વિષે મ્હારી નિઃશંક ખાત્રી થાયછે અને હું તમારી વાત અંગિકાર કરૂં છું, એટલુંજ નહીં પણ જેમ જેમ આગળ વિચારૂં છું તેમ તેમ સ્પષ્ટ જણાય છે કે મનુષ્ય કોઈ મહાન અને ચતુર કારીગરની ઉત્તમ કારીગરીનો નમુનો છે.

આવા અને આને મળતાં બીજા ઘણા વાદથી સૉક્રેટિસ પોતાના મિત્રોને બોધ આપી નીતિમાન, ન્યાયી અને આસ્તિક થવા શિખવતો.

ગ્રીસનો ઇતિહાસ કહેછે કે "મનુષ્યજાતીના અભ્યાસનો વિષય મનુષ્ય પોતે છે" એવું દર્શાવવામાં **સૉક્રેટિસ** પ્રથમ હતો.

પવિત્રતા શું છે? અપવિત્રતા શું છે? યોગ્ય શું અને અયોગ્ય શું? ન્યાય કોને કહેવો અને અન્યાય કોને કહેવો? તે ઉપરાંત બીજા અનેક વિષયો ઉપર **સૉક્રેટિસ** પ્રસિદ્ધ રીતે વાદ કરતો અને જેઓ તે વિષયથી જાણીતા હતા. તેઓનેજ તે બુદ્ધિમાન, અને માન યોગ્ય ગણતો.

પ્લેટોનાં પ્રશ્નોત્તર.

ક્રિટો.

એક શેહેરીનો સ્વધર્મ.

સૉક્રેટિસ અને ક્રિટો.

સૉ૦—ક્રિટો, તમેં આ વેળાએ કેમ આવ્યા. શું આ બહુ વહેલું નથી?

ક્રિટો૦—હા. વેહેલું તો છે.

સૉ૦—કેટલો વખત થયો ધારોછો?

ક્રિ૦—ભાગ્યે. પરોઢયું થયું હશે.

સૉ૦—મને આશ્ચર્ય લાગેછે છે કે દરોગાએ તમને દાખલ થવા કેમ દીધા?

ક્રિ૦—સૉક્રેટિસ, હું અહિં વારંવાર આવું છું જેથી તે મ્હારી સાથે હળતોમળતો થયો છે, ઉપરાંત પણ તે મ્હારા આભાર તળે છે.

સૉ૦—તમે હમણાજ ચાલ્યા આવોછો કે થોડો વખત થયો ?

ક્રિ૦—હું ક્યારનો આવ્યો છું.

સૉ૦—ત્યારે મ્હારી બાજુએ ગુપચુપ શામાટે બેસી રહ્યા. મને તરત જગાડ્યો કેમ નહીં ?

ક્રિ૦—સૉક્રેટિસ, હું જુપિટરના સમખાઇ કહું છું કે તમારા જેવી દુઃખદાયક સ્થિતિમાં મને પણ લાંબાવખતસુધી જાગ્યા રહેવાનું ન ગમે, પણ તમને મધુરનિદ્રામાં પડેલા જોઇ હું ક્યારનો વિસ્મય થતો હતો. તમે તમારો વખત બનતાંસુધી આનંદમાં ગાળી શકો માટેજ મેં જાણી જોઇ તમને જ-

ગાજ્યા નહીં. ખરે, સૉક્રેટિસ તમારી આખી જીંદગીમાં અગાઉ મેં ઘણીવાર તમને સ્વભાવે સુખી જોયાછે પણ જે સ્વસ્થ અને સરળપણે તમે આ વિપત્તિ સહન કરોછો તેથી તમે હમેશ કરતાં ઘણાવધારે સુખી લાગોછો.

સૉ૦—તોપણ ક્રિટો, એક માણસને મ્હારા જેટલી ઉમરે મરવું પડે તેમાટે તે શોકયુક્ત થાય એ તેને છાજે નહીં.

ક્રિ૦—પણ સૉક્રેટિસ, બીજા ઘણાજણ તમારા જેવી મ્હોટી ઉમરે એવાજ સંકટથી ઘેરાઈ જાયછે, ત્યારે તેઓ તો પોતાની વૃદ્ધાવસ્થા તરફ જોઈને વર્તમાન સ્થિતિનો શોક કરતાં અટકતાં નથી.

સૉ૦—તે ખરૂં છે, પણ તમે એટલા વહેલા કેમ આવ્યા ?

ક્રિ૦—ખેદકારક સમાચાર લાવ્યો છું. **સૉક્રેટિસ,** મ્હારા ધારવાપ્રમાણે તે તમને તો ખેદકારક નથી પણ મને અને તમારા સઘળા મિત્રોને ખેદકારક છે તેમાં મને બીજા સર્વથી અધિક ખમવું પડશે.

સૉ૦—શું સમાચાર, જે વહાણ આવ્યાથી મ્હારે મૃત્યુને શરણ થવું પડશે તે શું ડેલોસથી આવી પહોંચ્યું ?

ક્રિ૦—ના, હજીસુધી તો આવ્યું નથી, પણ આજે આવશે એવું સુન્યમથી આવનાર કેટલાક માણસો જેઓ એ વહાણમાંથી ત્યાં ઉતર્યા હતા, તેઓના કેહેવા ઉપરથી સમજાય છે. આ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે તે વહાણ આજે આવશે, અને તેથી **સૉક્રેટિસ,** તમારે આવતી કાલે અવશ્ય મરવું પડશે.

સૉ૦—પણ સુભાગ્ય જોગે **ક્રિટો,** કદાચ

દેવતાઓને એવુંજ ગમતું હોય તો તેમ ભલે થાઓ. પણ હું નથી ધારતો કે એ વહાણ આજે આવશે.

ક્રિ૦—આ તમે શા ઉપરથી ધારોછો?

સૉ૦—હું તમને કહીશ. વહાણ આવ્યા પછી બીજે દિવસે મ્હારે મરવું પડશે કેમ?

ક્રિ૦—જેમને તે વિષેનો અધિકાર છે તેઓ એમ કહેછે ખરા.

સૉ૦—તોપણ મ્હારા ધારવાપ્રમાણે એ વહાણ આજે આવશે નહીં પણ કાલે. આજ રાત્રે થોડોજ વખત થયો મને એક સ્વપ્ન આવ્યું હતું જેથી આ સઘળું મેં જાણ્યું છે. ખરે મને જગાડ્યો નહીં તમે થોભ્યા તે ઠીક કીધું.

ક્રિ૦—પણ તે સ્વપ્ન શું હતું?

સૉ૦—શ્વેતવસ્ત્રો ધારણ કરેલી એક મહાસ્વરૂપવાન અને પ્રતાપી સ્ત્રી મ્હારી સમીપ

આવતી દેખાઈ અને મને હાંક મારી કહ્યું. "સૉક્રેટીસ, આજથી ત્રીજે દિવસે તું ફળદ્રૂપ થીયા (Phthia)એ પહોંચીશ."

ક્રિ૦—કેવું વિચિત્ર સ્વપ્ન સૉક્રેટિસ.

સૉ૦—તોપણ ક્રિટો મને તો સ્પષ્ટ ભાસેછે.

ક્રિ૦—અત્યંત ખરૂં છું, પણ મ્હારા વહાલા સૉક્રેટિસ, હજીપણ મ્હારૂં કેહેવું માન્ય કરી તમારો બચાવ કરો. કારણ કે તમે મરી જશો તો મ્હારા ઉપર કાંઇ એકજ શકટ પડશે નહીં; પણ તમારા જેવો મિત્ર જે ફરીવાર મળવાનો નથી તેને ખોઇ બેસવા ઉપરાંત ઘણાક લોકો જેઓ તમને અને મને ઓળખતા નથી તેઓને એવું લાગશે કે જો હું પૈસા ખરચવાને તત્પર થાત તો તમને અવશ્ય બચાવી શકત, પણ તેમ કરવામાં હું

પછાત રહ્યો અને પોતાના મિત્ર કરતાં નાણું વધારે કીમતી ગણું છું એવું દેખાય તે કરતાં બીજી કઇ વર્તણુક વધારે નિર્લજ છે? કારણ કે ઘણાખરા માણસો કાંઈ એવું માનશે નહીં કે અહિંથી જતારહેવા વિષેનો અમે આગ્રહ કર્યો છતાં પણ તમે તેમ કરવાને રાજી ન હતા.

સૉ૦—પણ મ્હારા પ્રિય ક્રિટો, આપણે ઘણા માણસોના મતની આટલી બધી દરકાર શામાટે રાખવી જોઇએ? જ્યારે સજ્જન પુરૂષો કે જેનેવિષે ખરૂં જોતાં આપણે ભાવ રાખવો જોઈએ, તેઓ એમ ધારે કે જે યોગ્ય હતું તેજ થયું છે.

ક્રિ૦—તો પણ સૉક્રેટિસ, તમે જુઓછો તેમ ઘણા માણસોના અભિપ્રાય લક્ષમાં લેવા આવશ્યક છે. કારણ કે હમણાનાજ બનાવથી સ્પષ્ટ દેખાઇ આવેછે કે જો સામટા

માણસોની સમક્ષ કોઇ ઉપર આળ મૂકવામાં આવે તો તેઓ જેમ અતિન્હાનું દુષ્ટકર્મ કરવાને સમર્થ છે તેમ અતિમ્હોટું કરવાને પણ સમર્થ છે.

સૉ૦—હું ઇચ્છું છું ઓ ક્રિટો, કે ઘણા માણસો મળીને જેમ મહાદુષ્ટકર્મ કરી શકે છે તેમ તેઓ મહાસુકર્મ કરવાને પણ શક્તિમાન થાય તો બહુ સારૂં, પણ હવે તો બેમાંનું એક પણ તેઓથી થવાનું નથી. કારણ કે તેઓ કોઇને વિદ્વાન્ પણ કરી શક્તા નથી અને મૂર્ખ પણ કરી શક્તા નથી. માત્ર બની આવે તેમ કરેછે.

ક્રિ૦—તેમ ભલે થાય; પણ સૉક્રેટિસ મને એટલોજ ઉત્તર આપો. જો તમે અત્રેથી નહાસી જાઓ તો અમે તમને છુપી રીતે નસાડી લઇ ગયા છિયે એવી ખબર પંડ્યાથી તેઓ અમને સંતાપશે, અમારી સ-

ઘણી માલમત્તા અથવા નાણાની મોટી સંખ્યા આપી દેવાની ફરજ પાડશે અથવા તે ઉપરાંત બીજું સહન કરાવશે એવો તમને મ્હારા અને તમારા બીજા મિત્રોવિષે ભય તો નથી રહેતો? જો તમને એ પ્રકારનો કાંઇ પણ ભય રહેતો હોય તો તે તત્કાળ દૂર કરો; કારણ કે તમને બચાવતાં એટલું જોખમ અથવા અગત્ય પડી તો એથી પણ અધિક વેઠવાનું અમે વાજબી ધારીયે છિયે. માટે મ્હારૂં કહેવું અંગીકાર કરો અને ના પાડો નહીં.

સૉ૦—ક્રિટો મને આ અને બીજી પણ ઘણી બાબતોવિષે ચિંતા રહેછે.

ક્રિ૦—એવિષે તમારે લેશમાત્ર પણ ભય ન રાખવો કારણ કે જે નાણાની રકમથી ચોકસ માણસો તમને આંહિથી લઈ જઈ બચાવવા તત્પર છે તે રકમ કંઇ મ્હોટી નથી. બીજું, તમે શું નથી જોતા કે

આ જાસુસો ઘણા સસ્તાં છે અને તેથી તેઓને મ્હોટી સંખ્યા આપવી નહિ પડે ? મ્હારી સર્વ પુંજી તમારી સેવામાં હાજર છે, જે મ્હારી ધારણા અનુસાર એ કાર્યનેમાટે બસ થશે. મ્હારાઉપર પ્રેમભાવનેલીધે જો તમને, મ્હારૂં દ્રવ્ય વાપરવું ઉચિત ન ભાસતું હોય તો અહીં જે પરદેશીઓ છે તેઓ પોતાનું વાપરવાને તૈયાર છે. તેઓમાંનો સીમીયાસ થીબન તો પોતાની સાથે એ કાર્યનેમાટે ખાસ પૂરતી રકમ લેતો આવ્યોછે, સીબસ અને એ ઉપરાંત બીજા ઘણાએ તત્પર છે. માટે મેં કહ્યું તેમ એ પ્રકારના કોઇ પણ ભયનેલીધે તમારો બચાવ કરવા અચકાશો નહીં તેમ "અહિંથી ગયા પછી મ્હારૂં શું થશે તે હું જાણતો નથી" એવું જે તમે ન્યાયકચેરીમાં બોલ્યા હતા તેના સ્મરણથી પણ કચવાશો નહીં. કેમ કે સર્વસ્થળે જ્યાં પણ

તમે જશો ત્યાં લોકો તમને પ્રેમપૂર્વક ચહાશે. થેસેલી જવાની તમને ઇચ્છા હોય તો ત્યાં-પણ મ્હારા મિત્રો રહેછે જેઓ તમારૂં સંપૂર્ણ રીતે સન્માન કરી રક્ષણ કરશે જેથી થેસે-લીમાં તમને કોઇ પજવશે નહીં.

વળી સૉક્રેટિસ, તમારો બચાવ થઇ શકે તેમ હોય તોપણ તેમ નહીં કરવામાં અને તમારો નાશ થાય એવાં જે પરિણામ લાવ-વામાં તમારા શત્રુઓ પ્રયત્ન કરતા આવ્યા છે તેને અનુસરીને વર્તવામાં, તમે મને વા-જબી ધોરણે ચાલતા જણાતા નથી. ઉપ-રાંત તમે તમારા પુત્રોને ઠગતા હો એવું મને લાગેછે, કારણ કે તેઓને ઉછેરવાની અને વિદ્યાકળામાં કુશળ કરવાની તમારામાં શક્તિ છે છતાં તમે તેઓને મૂકી જતા ર-હેશો, જ્યાર પછી જેવી સ્થિતિ નબાપાપુ-ત્રને ભોગવી પડે તેવી સ્થિતિનો તેઓને પણ

અનુભવ કરવો પડશે. ખરે, કાંતો તેને પુત્રજ ન હોવા જોઇએ અને હોય તો તેઓને પાળીપોશી કેલવણી આપવાનો તેણે શ્રમ લેવોજ જોઇએ. તમે આખી જીંદગીપર્યંત નીતિને તમારા અભ્યાસનો વિષય માનેલો છે ત્યારે તો તમારે ડાહ્યા અને વીર પુરૂષો ગ્રહણ કરે તેવું ધોરણ લેવું જોઇએ પણ તેને બદલે તમે આળસાઇનો પગવાદ પકડયો હોય એવું જણાયછે, એટલુંજ નહીં પણ તમારૂં આ આખું કાર્ય અમારા હીચકારાપણાનું પરિણામ છે એવું રખેને માલમ પડે તેઃ મ્હારે તમારેમાટે અને અમે જે તમારા મિત્રો છિયે તે સઉનેમાટે શરમાવું ગડશે. તમારી તપાસની વખત હાજર નઃ થવાનું તમારાથી બની શકે તેવું હતું તોપણ તમે હાજર થયા, વળી જે પ્રકારે તમારી તપાસ ચલાવવામાં આવી અને આ છેલ્લો બનાવ તમારા આખા

વ્યવહારનો હાસ્યજનક અંત હોય તેમ તમે અમારા હાથમાંથી અમારા આળસ અને બીકણપણાનેલીધે નહાસી ગયા કે જાણે અમે તમને બચાવ્યા નહીં તેમ તમે પોતેપણ પોતાનો બચાવ કર્યો નહીં, જોકે તે વખત અમે જરાપણ શ્રમ લેત તો તેમ બનીઆવવું તદન શકય હતું. માટે સૉક્રેટિસ, વિચાર કરો અને ધ્યાનમાં રાખજો કે તમે કરવા ઇચ્છોછો તેનું દુષ્ટ પરિણામ આવશે એટલુંજ નહીં પણ તે તમને અને અમને ઘણું હીણું લગાડશે. હજીપણ તમારા મનને સમજાવો, જોકે તેમ કરવાનો લાંબો અવકાશ રહ્યો નથી. તમારે તો ક્યારનો નિશ્ચય કરી રાખવો હતો. માત્ર એકજ ઉપાય છે અને તેપણ આજ રાત્રેજ અમલમાં આવવો જોઈએ; જો વિલંબ કરશું તો આ વાત અસાધ્ય થશે અને પાછું કદીપણ બનશે નહીં.

માટે સૉક્રેટિસ ગમે તેમ કરીને પણ મ્હારૂં કહ્યું માન્ય કરો અને કોઈકારણથી નાપાડો નહીં.

સૉ૦—મ્હારા વહાલા ક્રિટો, તમારી ઉત્કંઠા જો ન્યાયયુક્ત ધોરણ સાથે જોડાયલી હોત તો અવશ્ય સ્તુતિપાત્ર ગણાત, પણ તેમ ન હોય તો જેટલા પ્રમાણમાં તમે આતુરછો તેટલાજ પ્રમાણમાં તે અનિષ્ટ ગણાય, માટે આપણે એટલુંજ વિચારવું જોઈએ કે તમારી યોજનાનો ઉપયોગ કરવો કે નહીં. કારણ કે હમણાંનોજ નહીં પણ હમેશનો હું એવો માણસ છું કે દીર્ઘ વિચાર કરતાં જે મને શ્રેષ્ઠ ભાસે તેનોજ સ્વિકાર કરૂં. જોકે હું દુર્ભાગ્યથી ઘેરાયલો છું તોપણ જે વિચારો મેં પૂર્વે બાંધ્યાછે તેને હાલ હું ફેરવી શકતો નથી કેમ કે તેઓ મને તેવીજ સ્થિતિમા ભાસે છે અને તેમનો હું પૂર્વની પેઠેજ સ-

ત્કાર કરૂંછું માટે હમણાં કશું વધારે સારૂં સિદ્ધ કરવાને આપણે અશક્ત હોઇયે તો યાદ રાખજો કે હું તમને શરણ થઇશ નહીં, પછી ગમે તો સામટા માણસો મળીને આપણને બંધીખાને નાખવીની, આપણી મિલ્કત જપ્ત કરવાની, અથવા દેહાંત શિક્ષા કરવાની ધમકી આપી ભલે નહાના બાળકની પેઠે ભય પમાડે. હવે આ વાતનો આપણે કઈ સુગમ રીતે વિચાર કરવો? તમે મતસંબંધી તકરારનો જે ઉપયોગ કર્યો હતો તેનો આપણે પ્રથમ વિચાર કરીયે કે, કેટલાકના અભિપ્રાય ધ્યાનમાં લેવા અને કેટલાકના નહીં, એવો જે નિર્ણય આપણે અગાઉ પ્રસંગોપાત કીધેલો તે ઘટિત હતો કે નહીં? અથવા મને દેહાંત શિક્ષા થઈ તે અગાઉજ માત્ર તેનો યથાર્થ નિર્ણય થયો હતો અને હમણાં શું એવું સ્પષ્ટ જણાયછે કે તે તો આપણે વાદ

અર્થેજ બોલ્યા હતા અને વાસ્તવિક જોતાં સઘળું નજીવું અને મશ્કરીભર્યુંજ હતું? મ્હારી એવી ઇચ્છા છે ક્રિટો કે તમારી સાથે મળીને વિચાર કરૂં કે હું આવી સ્થિતિમાં છું તેથી મને નિરાળું તો નથી ભાસતું કે આગળ જેવુંજ અને આપણે એ વાત પડતી મૂકવી કે તેને શરણ થવું? જેઓનું બોલવું ગંભિરાઇ ભરેલું માનવામાં આવ્યું હતું, તેઓથી હમણાં જેમ મેં કહ્યું તેમજ અગાઉ કોઇ પ્રસંગે કેહેવાયું છે કે કેટલાક માણસોના મત બહુ આદરને પાત્ર હોયછે અને કેટલાકના નથી હોતા. દેવતાઓના સોગંન લઇ કહો, ક્રિટો કે આ બોલેલું શું તમને સમીચિન નથી લાગતું? કારણ કે મનુષ્યની બુદ્ધિ પંહોંચે ત્યાંસુધી તો એવું દેખાયછે કે તમને કાંઇ આવતી કાલે મરવાનો ભય નથી, તેમ હમણાનું સંકટ કાંઈ તમારાં અભિપ્રાયને

આડે દોરશે નહીં, માટે પુખ્ત વિચાર કરો. શું તમને આ યથાર્થ નિર્ણય થએલું નથી લાગતું કે આપણે માણસોના બધા મતને માન ન આપવું પણ થોડાકને આપવું અને થોડાને નહીં. વળી તેજપ્રમાણે આપણે બધા માણસોના મતની દરકાર ન કરવી પણ કેટલાકના મતની કરવી અને કેટલાકના મતની નહીં. હવે તમે શું કહોછો? શું આ નિર્ણય વાજબી નથી થયો?

ક્રિ૦—હા, થયો છે.

સૉ૦—અને તે અનુસાર સારાને માન આપવું અને નરસાને નહીં.

ક્રિ૦—એમજ.

સૉ૦—અને શું ડાહ્યાના મત સારા અને મૂર્ખના નરસા નથી?

ક્રિ૦—હાંજતો બીજું શું.

સૉ૦—ત્યો ત્યારે આ વિષયનો અગાઉ કેવો નિર્ણય થયો હતો તે શોધીયે. જે માણસ શરીરની કસરતનો અભ્યાસ કરતો હોય તે દરેક માણસનાં વખાણ, કવખાણ અને અભિપ્રાયની દરકાર કરશે કે માત્ર તે એકજ માણસ જે વૈદ્ય અથવા કસરત શીખવનાર હોય તેની કરશે?

ક્રિ૦—માત્ર તે એકજ માણસની.

સૉ૦—માટે તેણે તે એકજ માણસની નિંદાથી બ્હીવું જોઈએ અને તે એકજ માણસના વખાણની ઇચ્છા રાખવી જોઇએ, પણ બધા સામટા માણસોની નહીં.

ક્રિ૦—એતો સ્પષ્ટ છે.

સૉ૦—માટે બીજા સામટા માણસો કહે તેમ કર્યા કરતાં જે એકજ માણસ નિયંતા અને અનુભવી હોય તે યોગ્ય ધારે તેમ તેણે ખાવું પીવું અને વર્તવું જોઇએ.

ક્રિ૦—ખરૂં છે.

સૉ૦—ઠીક ત્યારે, જો તે માણસ પેલા એકના વચનોને આધીન થયાને બદલે અને તેના અભિપ્રાય તથા વખાણની દરકાર કર્યાને બદલે, લોકસમુદાય અને બીજા જેઓ કાંઈ જાણતા નથી તેના અભિપ્રાય લક્ષમાં લીયે તો શું તેને કાંઈ દુઃખ ખમવું નહીં પડે?

ક્રિ૦—નહીં કેમ.

સૉ૦—તે શું દુઃખ છે? કઇ ગમ તેનું વલણ થાયછે? અને જે તેનો અનાદર કરે તેના કયા ભાગવિષે તે આવી પડેછે?

ક્રિ૦—માત્ર તેના શરીર ઉપર જેનો તેથી નાશ થાયછે.

સૉ૦—તમારૂં કેહેવું યથાર્થ છે. સઘળા વિષયે પણ તમારે એમજ જાણી લેવા. ન્યાય

અને અન્યાયને લગતા, યોગ્ય અને અયોગ્ય, સારા અને નરસા, જેવિષે હાલ આપણે વિચાર કરીયે છિયે તેમાં, લોકસમૂહના મતને અનુસરી વર્તવું અને માન આપવું કે તે એક જેનો આપણે બીજા બધા સામટા માણસો કરતાં વધારે સત્કાર કરવો જોઇએ તેના મતને માન આપવું? જો આપણે તેના કહ્યાને શરણ ન થઇએ તો આપણો જે ભાગ ન્યાયથી સારો થાયછે અને અન્યાયથી નાશ પામેછે તેને શું આપણે દુષિત નહીં કરીયે?

ક્રિ૦—હું તમારી સાથે મળતો થાઉંછું

સૉક્રેટિસ.

સૉ૦—માટે જે ભાગ સારાથી સારો અને નરસાથી નરસો થાય તેને બીજા જેઓ નથી જાણતા તેઓનું કેહેવું ધ્યાનમાં લઇ બગાડ્યાથી શું આપણે આયુષ્ય ભોગવી શકીયે! આપણી વાત હાલ શરીરસંબંધી છે કેમ?

ક્રિ૦—હા.

સૉ૦—અને શું આપણે રોગિષ્ટ અને બગડેલા શરીરવડે આયુષ્ય ભોગવી શકીયે?

ક્રિ૦—કદી નહીં.

સૉ૦—પણ જે ભાગ ન્યાયથી સારો થાય અને અન્યાયથી નાશ પામે તે ભાગ જ્યારે પડતી સ્થિતિમાં આવી પડે ત્યારે શું આપણે આયુષ્ય ભોગવી શકીયે? અથવા આપણો કોઈ ભાગ જેને ન્યાય અને અન્યાય જોડે લાગતું વળગતું હોય તે ભાગને શું આપણે શરીર કરતાં ઓછા મૂલ્યનો ગણવો?

ક્રિ૦—કોઇ પ્રકારે નહીં.

સૉ૦—પણ અધિક મૂલ્યનો?

ક્રિ૦—હા અત્યંત અધિક.

સૉ૦—માટે મારા શ્રેષ્ઠ મિત્ર, લોકસમુદાય આપણેવિષે શું વહેછે તેની આટલી

બધી ગણના નજ કરવી જોઇએ, પણ માત્ર તે એકનાજ કેહેવાની ગણના કરવી જે ન્યાય અને અન્યાયના ભેદથી જાણીતો હોય એ-ટલુંજ નહીં પણ તે એક જે પોતે સત્યરૂપ હોય તેનીજ ગણના કરવી.' માટે વાજબી, પ્રતિષ્ટિત અને સારૂં અથવા તેના વિરૂદ્ધ વિષયોમાં સામટા માણસોના મતનો સ્વિ-કાર કરવો એવું જે તમે પ્રથમ બોલ્યા હતા તે યથાન્યાય ધોરણસર નહતું.' તોપણ કોઇ એમ કેહે કે સામટા માણસો આપણને મારી નાખવાને સમર્થ નથી?

ક્રિ૦—એ પણ ખરૂં છે, સૉક્રેટિસ, કોઇ એમ પણ કહે.

સૉ૦—તમારૂં કથન સત્ય છે, પણ મ્હારા પ્રિયમિત્ર આ વિષય પણ પૂર્વે ચરચેલા વિષ-યની સમાનજ છે. ઉપરાંત તે અહીં પણ લાગુ પડેછે કે નહીં તે વિચારી જુઓ. કે

આપણે માત્ર જીવવાને આતુર નથી પણ સારીસ્થિતિમાં જીવવાને આતુર છઇએ.

ક્રિ૦—હા. તે વાત અહીં લાગુ પડેછે ખરી.

સૉ૦—બોલો, સારી સ્થિતિમાં, માન ભરેલી રીતે અને વાજબીપણે જીવવું એ સઘળું સમાન છે કે નહીં?

ક્રિ૦—હા.

સૉ૦—આટલા પર્યંત નિર્ણય કર્યા બાદ હવે આ પ્રશ્ન ઉત્પન્ન થાયછે કે એથેનીયનોની આજ્ઞા વગર હું આ સ્થળ મૂકી જતા રહેવાનો પ્રયત્ન કરૂં તો તે વાજબી ગણાય? જો તેમ કરવું વાજબી ઠરશે તો આપણે તે અનુસાર વર્તવાનો પ્રયત્ન કરશું, પણ તેમ ન થયું તો એ વાત પડતી મૂકશું. પણ ક્રિટો, નાણાનો ખર્ચ, પ્રતિષ્ઠા, અને પુત્રોની કેળવણી એ સઘળા વિચારો જે તમે પ્રથમ દ-

ર્શાવ્યા હતા તે રખેને સામટા માણસોને લ-
ગતા હોય જેઓનું કંઈ ચાલે તો એકને વગર
વિચાર્યું મારી નાખે અથવા આયુષ્ય પણ
આપે. પણ આપણે હમણાં કહ્યું તેમ ન્યા-
યની રીતે એટલુંજ વિચારવું જોઇએ કે જેઓ
મને અહીંથી નસાડવા તત્પર છે તેઓને દ્રવ્ય
આપી આપણા આભાર તળે રાખવા એ ન્યા-
યસર છે? વળી તેઓ મને નસાડવામાં અને
આપણે નહાસી જવામાં ન્યાયપૂર્વક વર્તિયે
છિયે અને ખરૂં જોતાં તેમ કર્યાથી આપણે
કાંઇ અન્યાય કરતા નથી? જે કર્તવ્ય ધા-
ર્યું છે તે ન્યાયથી વિરૂદ્ધ લાગે તો અહિં
પડ્યા રેહેવાથી અને મુંગેમુંગા બેશી ર-
હ્યાથી મરવું પડે અથવા બીજું કાંઈ સહન
કરવું પડે તેનો વિચાર કરશો નહીં, પણ
આપણું કર્તવ્ય અન્યાયયુક્ત ન થાય તેનોજ
વિચાર કરજો.

ક્રિ૦—તમારૂં કહેવું ડહાપણભર્યું છે સૉક્રેટીસ, પણ હવે શું કરવું તે જુઓ.

સૉ૦—લ્યો ત્યારે આપણે એ વિષયનો સાથે રહી વિચાર કરીયે અને તેમાં જો તમને કાંઈ પણ વિરૂદ્ધ ભાસે તો તે સિદ્ધ કરજો અને હું શરણ થઈશ, પણ તેમ કરવાને અશક્ત હો તો મારા શ્રેષ્ઠમિત્ર એથેનિયયનોની મરજી વિરૂદ્ધ અહિંથી જતા રહેવાનો વારંવાર આગ્રહ કરવો માંડી વાળો. મને એપ્રમાણે વર્તવાનું સમજાવવાનો તમારો પ્રયત્ન હું ઘણો સ્તુતિપાત્ર ગણુંછું, કારણ કે તે મારી ઇચ્છા વિરૂદ્ધ નથી. આપણી તકરારસંબંધી મારૂં કહેવું તમને સંતોષકારક લાગેછે કે નહીં તે વિચારી જુઓ અને ત્યાર પછી મ્હારા પ્રશ્નોનો યથાયોગ્ય ઉત્તર આપજો.

ક્રિ૦—હાં હું તેમ કરવાનો પ્રયત્ન કરીશ.

સૉ૦—બોલો ત્યારે, આપણે જાણી જોઇને કદી પણ અન્યાય ન કરવો? કે ચોક્સ પ્રસંગે કરવો અને ચોકસ પ્રસંગે નહીં? અથવા આપણે અગાઉ કેટલીકવાર એકમત થયા છિયે અને હમણાં પણ કહિયે છિયે તેમ શું સારા અને માનવંત કારણસર પણ અન્યાય નજ કરવો? કે આ થોડાજ દિવસમાં આપણા આગલા અભિપ્રાય ઉપર પાણી ફેરવવું? અને ન્હાના બાળકો અને આપણા વચ્ચે કાંઇ પણ ભેદ નથી એવું જાણ્યાવગર શું આપણે વૃદ્ધ થયેલાઓ લાંબાકાળસુધી ગંભીરપણે વાતો કરતા હતા? કે આપણું આગલું કહેવું સત્યજ હતું? લોકસમૂહ ગમે તો માન્ય કરો વા નહીં તોપણ અને આપણને હમણા કરતાં ભારી અથવા હલકી શિક્ષા ખમવી પડે વા નહીં તોપણ અન્યાય તેના કરનારને નિરંતર લજ્જા

વનારૂં અને ભુંડુંજ છે. આપણે આ અંગીકાર કરીયે છિયે કે નહીં ?

ક્રિ૦—હા. કરીયે છિયે.

સૉ૦—માટે કોઇપણ કારણનેલીધે અન્યાયથી વર્તવું નહીં.

ક્રિ૦—ખચિત નહીં.

સૉ૦—તેમજ જેમ લોકસમૂહ ધારેછે તેમ જેની હાની થઈ હોય તેણે સામી હાની કરી બદલો વાળવો નહીં; કારણ કે અન્યાય કરવો કોઇપ્રકારે યોગ્ય નથી.

ક્રિ૦—ખરૂં છે.

સૉ૦—શું ત્યારે ક્રિટો, કોઈનું ભુંડું કરવું એ યોગ્ય ગણાય કે નહીં ?

ક્રિ૦—ખરેખર એ યોગ્ય નથીજ સૉક્રેટિસ.

સૉ૦—પણ શું ? કોઇને એક દુઃખ આપ્યું

હોય તો તેને સામું દુઃખ આપી વૈર લેવું એ યોગ્ય કહેવાય?

ક્રિ૦—કોઈ કાળે નહીં.

સૉ૦—કારણ કે મનુષ્યનું ભુંડું કરવું અને અન્યાય કરવો તેમાં લેશમાત્ર પણ ભેદ નથી.

ક્રિ૦—તમે યથાર્થ કહોછો.

સૉ૦—માટે જોકે એકને ગમે તેટલું ખમવું પડ્યું હોય તોપણ સામો અપકાર કરી અથવા દુઃખ આપી બદલો વાળવો એ ન્યાયયુક્ત નથીજ. પણ જોજો ક્રિટો, તમારી મરજીવિરૂદ્ધ મ્હારા મતને મળતા નહીં થઈ જવાય, કારણ કે હું જાણુંછું, કે આ વાત ઘણા થોડાનેજ ખરી લાગેછે અને લાગશે. જેઓને આ વાત ખરી લાગેછે અને જેઓને નથી લાગતી તેઓ પોતાના પરસ્પર વિચારો તપાસતાં એકમત થતા નથી. અને તેથીજ

એક બીજાને ધિક્કારવાની તેમને અગત્ય પડે-છે. સારી પેઠે વિચારી જુઓ કે તમે મ્હારી સાથે મળતા થઈ શકોછો? અને આપણે શું અહિંથી આ પ્રમાણે આગળ વિચારવું કે દુઃખ દેવું, તે-મજ દુઃખ આપી બદલો વાળવો અથવા કોઇને ભુંડી રીતે વર્તવામાં આવ્યો હોય તો તેનું સામું ભુંડું કરી વૈર લેવું એ કોઈ પ્રકારે ન્યાય અનુસાર નથી? તમે આ વિષયમાં મ્હારાથી ભિન્નમત ધરાવોછો કે કેમ? કારણ કે મને તો દીર્ઘકાળ પૂર્વનું તેમજ હમણાં પણ એવું દીસેછે અને તમે જો કોઈ પ્રકારે મ્હારા વિ-ચારથી જુદુંજ વિચારતા હો તો કહો, પણ તમે તમારા આગલા અભિપ્રાયને વળગી રહેતા હો તો હવે હું કહુંછું તે સાંભળો.

ક્રિ૦—હું મારા આગલા અભિપ્રાયને વ-ળગી તમારી સાથે એકમત થાઉંછું.

સૉ૦—બીજું કહુંછું અથવા ખરૂં જોતાં

પૂછુંછું કે એક માણસે ન્યાય અનુસાર વર્તવાનું વચન આપ્યું હોય તો તેણે તેમ વર્તવું કે પોતાના વચનનું ઉલ્લંઘન કરવું?

ક્રિ૦—તેણે તેમજ વર્તવું જોઇએ.

સૉ૦—વળી પણ આગળ કહું તે સાંભળો. આ શેહેરની આજ્ઞા વગર અહિંથી જતા રહ્યાથી આપણે કોઇનું અથવા જેનું લેશપણ ભુંડું ન કરવું જોઇએ તેનું ભુંડું કરીયે છિયે કે નહીં? અને આપણે અંગીકાર કર્યું તેમ ન્યાયપણાને વળગી રહેવું કે નહીં?

ક્રિ૦—હું તમારા પ્રશ્નનો ઉત્તર આપવા અશક્ત છું સૉક્રેટિસ, કારણ કે હું બરાબર સમજ્યો નથી.

સૉ૦—ત્યારે આમ વિચારો:— આપણે નહાસી જવાની તૈયારી કરતા હોઇએ એટલામાં ધારા તથા પ્રજાસત્તાક રાજ્ય આપણી

સન્મુખ આવી કહેઃ—" મને કહો સૉક્રેટિસ, તમે શું કરવું ધાર્યું છે? તમે જે યોજના ઘડી છે તેણેકરી અમે ધારાઓ તથા આખા શેહેરનો તમારાથી બને તેટલો નાશ કરવાનો મનસુબો કરોછો? અને તમે શું એમ ધારોછો કે જે શેહેરમાં ધારાને અનુસરી ચુકાદા આપવામાં આવ્યો હોય તે અમલમાં ન આવતાં એક સાધારણ માણસ પણ તે ચુકાદા એક કોરે મુકી તેનો નાશ કરે એવું શેહેર ઊંધું વળી ગયા વગર ટકી શકે?" ક્રિટો, આવા અને તેને મળતા બીજા ઠપકાઓનો આપણે શું ઉત્તર આપશું? ધારા જે એવું કહેછે કે કરેલો ચુકાદો અમલમાં લાવવામાં આવશે તે ધારાના ખંડનવિષે કોઈ પણ માણસ તેમાં મુખ્યત્વે કરી એક ભાષણકર્ત્તા તો ઘણુંએ કહી શકે. આપણે શું તેમને એમ કેહેશું કે શેહેરે અમને અન્યાય કર્યો છે અને વાજબી શિક્ષા

નથી કરી? આપણે આમ કહેશું કે બીજું?

ક્રિ૦—જુપિટરના સમ સૉક્રેટિસ, એમ-જ કહેશું.

સૉ૦—વળી ધારાઓ એમ કહેશે તો "સૉક્રેટિસ, શહેર જે પણ ચુકાદો તમારા ઉપર ફરમાવે તેને તમારે વળગી રહેવું એવી આપણા વચ્ચે કબુલાત નથી થઈ?" અને જો આપણે તેઓના કહેવા ઉપર વિસ્મય થઇએ તો કદાચ તેઓ ફરીથી કહેશે—"સૉક્રેટિસ, અમારા કેહેવા ઉપર વિસ્મય નહીં થાઓ, પણ જવાબ દીયો. કારણ કે પ્રશ્નોત્તરનો ઉપયોગ કરવાની તમારી ટેવ છે. બોલો અમે અને શેહેરે તમારો શું અપરાધ કર્યો છે જે અમને નાશ કરવાનો પ્રયત્ન કરોછો? શું અમે તમને જન્મ નથી આપ્યો? અને અમારી સહાયતાથીજ તમારા પિતાએ તમારી માને પરણી તમને જન્મ નથી આપ્યો?

અમારામાં લગ્નસંબંધી જે ધારાઓ છે તે શું તમને ભૂલવાળા અને ખરાબ લાગેછે ?" હું તો કહીશ કે મને તેમાં ખામી ભાસતી નથી. "તમારા જન્મ પછી તમારૂં પોષણ કરવા અને જે જ્ઞાન તમે હાલ સંપાદન કર્યું છે તે શીખવવાસંબંધી ધારાઓ શું તમને દોષયુક્ત ભાસેછે? તમને વાજીંત્ર શીખવવા અને અંગબળની વિદ્યામાં કેલવણી આપવા તમારા પિતાને અમે ધારાઓએ જે ફરજ પાડી છે તે શું યથાસ્થિત નથી?" હું તો કહીશ કે યથાસ્થિત છે. "ઠીક, જ્યારે તમે અમારા સાધનોથી જન્મ્યા, ઉછરી મોટા થયા તથા જ્ઞાનમાં કુશળ થયા ત્યારે પ્રથમ એટલુંજ કહો કે તમે અને તમારા વડવાઓ અમારા છોરૂ અને દાસ નથી? અમે કહીયે છિયે તેમજ હોય તો શું તમે એમ ધારોછો કે આપણા બેઉના હક્ક સમાન છે? અને અમે ત-

મને જે કાંઇ કરવાનો પ્રયત્ન કરીયે તેવુંજ તમારે અમને બદલામાં આપવું એ પણ શું યથાન્યાય છે? તમારા અથવા તમારા પિતાના અથવા તમારો કોઇ શેઠ હોય તેના હક્ક શું સમાન છે જેથી તમને ખમવું પડ્યું હોય તો તેનો તમે બદલો વાલો નહીં? તેઓનો વાંક હોય તો તમારાથી તાનો મરાય નહીં, તેમ તમને માર્યા હોય તો સામા તમે મારી શકો નહીં અથવા બીજું એવું ઘણુંએ છે જે તમે કરી શકો નહિ. ત્યારે શું તમે એમ પોતાના શેહેર અને ધારાજોડે વર્તિ શકો? કે યોગ્ય જાણી અમે તમારો નાશ કરવાનો પ્રયત્ન કરીયે તો શું તમે પણ બદલામાં તમારાથી બને તેટલો અમે ધારાઓ અને શેહેરનો નાશ કરવાનો પ્રયત્ન કરો? અને તમે જે ખરૂં જોતાં નીતિને તમારો મુખ્ય વિષય માનો છો તે તેમ કરવામાં પો-

તાને ન્યાયપૂર્વક વર્તતા કરશો ? અને શું તમે એવા ડાહ્યા છો કે એટલું પણ નથી જાણતા કે દેવતાઓ અને સજ્જન પુરૂષો પોતાના માત-પિતા અને સર્વ પૂર્વજો કરતાં પણ પોતાના દેશને વધારે કીમતી, માનયોગ્ય, પૂજ્ય અને પવિત્ર ગણે છે ? એટલુંજ નહીં પણ ક્રોધને સમયે પોતાના પિતા કરતાં પોતાના દેશને વધારે શાંતપણે આધીન થાયછે. પછી જોઇએ તો દેશની ખાત્રી કરી આપે અથવા તેની આજ્ઞાનુસાર વર્તે, તેમાં જો મૌનપણે કાંઇ સહન કરવાનું કહે તો તેમ સહન કરે; પછી ગમે તો તે માર ખાવાનું અથવા બંધનમાં પડવાનું કેમ ન હોય. અથવા જો તે એકને યુદ્ધ સંગ્રામમાં ઘાયલ થવા કિંવા મરવા મોકલે તો તેણે તેમ કરવું પણ પોતાની જગ્યાએથી એક પગલુંએ પાછા ખસવું નહીં, કારણ કે ન્યાયનું એજ ધોરણ છે. માટે

યુદ્ધમાં અને ન્યાયકચેરીમાં તથા બીજે બધે સ્થળે જેમ દેશ કહે તેમ કરવું અથવા ધારાઓને અનુસરી પોતાની વાત સિદ્ધ કરવી. જ્યારે પોતાના માબાપની સામે થવું પવિત્ર ન ગણાય ત્યારે પોતાના દેશની સામા થવું તો કેમજ પવિત્ર ગણાય ?" ક્રિટો આપણે શું ઉત્તર દેશું ? ધારા ખરૂં કહેછે કે નહીં ?

ક્રિ૦—હા; મને પણ એવુંજ લાગેછે.

સૉ૦—"વિચાર કરો સૉક્રેટિસ"—ધારાઓ વળી કહેશે—"અમે ખરૂં કહીયે છિયે કે નહીં ? કે તમે જે અમારેપ્રત્યે કરવાનો પ્રયત્ન કરોછો તે યથાન્યાય નથી; કારણ કે અમે તમને જન્મ આપ્યો છે, ઉછેર્યા છે, તથા કેળવણી આપી છે, એટલુંજ નહીં પણ તમને અને બીજા બધા શેહેરીયોને અમારી સત્તામાં જે શ્રેષ્ઠ હતું તે આપ્યું છે. ઉપરાંત પણ જે કોઇ એથેનીયન પુરૂષ ઉમરે આવ્યો

હોય, ધારા તથા રાજ્યકારભારથી વાકેફ થયો હોય અને ત્યારબાદ જો તેને અમારાથી સંતોષ ન મળે તો તેને પોતાની માલમિલ્કતસહિત મરજી પડે ત્યાં જવાની અમે સત્તા આપી છે. અમે ધારાઓ અને શેહેરથી સંતોષ ન પામતાં જે કોઇ નવા સંસ્થાને જાય અથવા આ દેશ છોડી બીજે દેશ જઇ વસે તો તેને અમે ધારાઓમાંના કોઈ વિઘ્ન કરતા નથી.તેમ તેની માલમત્તાસહિત તેની ઇચ્છા હોય ત્યાં જવાને ના પાડતા નથી, પણ અમારી રાજ્યનીતિ તથા ન્યાયરીતી જાણ્યા પછી પણ કોઇ અમારી સાથે રહેવાનું જારી રાખે તો અમે કહીયે છિયે કે અમારી આજ્ઞાનુસાર વર્તવાને તેણે વાસ્તવિક જોતાં કબુલાત આપી છે. અમે ખાત્રીપૂર્વક કહીયે છિયે કે જે અમને નથી શરણ થતો તે અન્યાય કરવાનો ત્રણ પ્રકારે અપરાધી ઠરેછે. કારણ

કે અમે તેને જન્મ આપ્યો પણ તે અમારૂં માનતો નથી, અમે એને પોષણ આપી મ્હોટો કર્યો છતાં તે અમારી આજ્ઞાધીન રહેતો નથી અને અમને તાબે થવા જે કબુલાતથી તે બંધાયો છે તે કબુલાત તે પાળતો નથી તેમ અમે અન્યાય કર્યો હોય તો અમારી ખાત્રી પણ કરી આપતો નથી. અમારૂં કહેવું તે અમલમાં લાવે તે અગાઉ તેને વિચાર કરવાનો અવકાશ આપીયે છિયે અને કઠોરપણે હુકમ કરતા નથી પણ બેમાંથી એક કરવાની તેને છુટ આપીયે છિયે: અમારી ખાત્રી કરી આપે અથવા અમે કહીયે છિયે તેમ કરે. આટલું છતાં તે બેમાંનું એકે કરતો નથી."

"અને અમે તમને કહિયે છિયે ઓ સૉક્રટિસ જો તમે પોતાનું ધાર્યું કરશો તો સઘળા એથેનીયનો કરતાં તમે ઉપલાં વાંકના વધારે અપરાધી ઠરશો" અને કદાચ હું પુછી-

શકે તેનું શું કારણ? તો તેઓ ઘણું કરી મને યથાર્થતાનું મારી કહેશે "સઘળા એથેનીયનોમાં ખાસ તમેજ અમને એ કબુલાત આપી છે" કારણ કે તેઓ કહેશે "સૉક્રેટિસ, બેઉ અમે અને શેહેરથી તમને પૂર્ણ સંતોષ મળ્યો છે એવિષે અમારી પાસે પૂરતાં સિદ્ધિકરણો છે તે એ કે સઘળા એથેનીયનોમાં ખાસ તમને જો આ શેહેર પસંદ પડ્યું ન હોત તો તમે કોઇકાળે આંહી રેહેત નહી. માત્ર એકજવાર ઇસ્થમીયન ગેમ્સ જોવા જવા શિવાય આ શેહેર છોડી બીજા કોઇ પણ પ્રંસિદ્ધ મેળાવડા જોવા તમે ગયા નથી, તેમજ લશ્કરી નોકરીએ બહાર જવા શિવાય પણ બીજે ક્યાંય તમે ગયા નથી; વળી બીજા માણસો કરેછે તેમ તમે આ શેહેરની બહારપણ ગયા નથી એટલુંજ નહીં પણ પારકા શેહેરોં અને તેના પારકા ધારાઓથી

જાણીતા થવાનું પણ તમને ઉચિત ભાસ્યું નથી, કારણ કે અમે અને અમારૂં શહેર તમને સંતોષ આપવાને પૂર્ણ હતા. અમારાથી તમને સંતોષ મળેલો હોવાને લીધે અમને તમે અત્યંત ચાહતા હત. એટલુંજ નહી પણ આ શેહેરમાં પ્રજા ઉપન્ન કરવામાં તથા બીજી બધી બાબતોમાં અમારી રાજ્યનીતિને આધીન રહેવા તમે ઘણી હદસુધી હા પાડી હતી.”

“ઉપરાંત તમારી તપાસ વેળાએ તમારી મરજીમાં આવત તો પોતાને દેશનિકાલની શિક્ષા કરાવવાને તમે શક્તિમાન હતા અને તેથી હમણાં જે તમે અહીંના શેહેરીઓની સંમતિવિરૂદ્ધ કરવાનો પ્રયત્ન કરોછો તે તેઓની સંમતિપૂર્વક કરી શકત. ખરે, તે વખતે તો તમે અભિમાનથી બોલ્યા હતા કે મરવું પડે તેનો કશો શોક નથી પણ દેશની-

કાલ કરતાં દેહાંતદંડ વધારે ઉત્તમ છે. જ્યારે તમે અમારો નાશજ કરવા બેઠા છો તો તમે તમારા કર્મોથી શરમાતા નથી તેમ અમારૂં સન્માન પણ કરતા નથી. જે રાજ્ય-નીતિને આધીન રહેવા તમે પ્રતિજ્ઞા અને કબુલાતપૂર્વક બંધાયા છો તેની વિરૂદ્ધ વર્ત્તિ નહાસી જવાનો યત્ન કરશો તો અમે કહીયે છીયે કે એક દુષ્ટ ગુલામની પેઠે વર્તતા કહેવાશો. અમારા કાબુતળે રહેવાનું તમે શબ્દથી નહીં પણ કર્તવ્યથી અંગિકાર કીધું છે એ અમારૂં નિઃશંક કહેવું ખરૂં છે કે નહીં ? તેનો પ્રથમ ઉત્તર આપો." ક્રિટો, આપણે આનો શું ઉત્તર દેશું? હા પાડ્યાવગર બીજું કાંઈ થાય તેમ છે ?

ક્રિ૦—નહી, આપણે તેમ કર્યાવગર છુટકોજ નથી સૉક્રેટિસ.

સૉ૦—"સૉક્રેટિસ"—તેઓ કહેશે—"જે

કોલકરાર અને પ્રતિજ્ઞાથી તમે અમારી જોડે બંધાયા છો તેનું ઉલ્લંઘન કરવા શિવાય આ શું કરોછો? જોકે તેવી પ્રતિજ્ઞાથી બંધાવાને તમારા ઉપર બળાત્કાર વાપર્યો નથી તેમ તમને છેતર્યા નથી એટલુંજ નહીં પણ તે ઉપર ટુંક સમયમાં નિશ્ચય બાંધવાની પણ તેમને ફરજ પાડી નથી. પણ સિત્તેર વર્ષની લાંબી મુદતમાં જો તમને અમારાથી સંતોષ ન મળત અથવા તમારા કરાર તમને ન્યાયવિરૂદ્ધ ભાસત તો તમે ક્યારના આ શેહેર છોડી જતા રહ્યા હોત. લેસીડીમન કે ક્રિટ પણ તમને પસંદ પડ્યા નહીં કે જયાં સુધરેલા ધારાથકી રાજ્ય ચલાવવામાં આવેછે એવું તમે કેટલીકવાર બોલ્યા હતા. તેમજ ગ્રેશીયન અને બીજા જંગલી રાજ્યોમાં જવાનું પણ તમને ગમ્યું નહીં, પણ લંગડા આંધળા અને અવયવોની ખોટવાળા

પુરૂષો કરતાં પણ તમે એથેન્સની બહાર ઘણું થોડું ગયા છો. આ ઉપરથી સ્પષ્ટ જણાયછે કે તમને બીજા બધા એથેનીયનો કરતાં અમારા ધારા તથા શેહેરથી વધારે સંતોષ થયોછે. ક્યારણ કે ધારારહિત શેહેરથી કોણ સંતોષ પામે? પણ શું તમે તમારી પ્રતિજ્ઞાથી બાંધ્યા નહીં રહેશો? સૉક્રેટિસ જો અમે તમારી ખાત્રી કરી આપીયે તો તમે અવશ્ય રહેશો, અને આ શેહેર છોડી જઇ પોતાને હાસ્યજનક નહીં કરશો."

"કારણ કે વિચારી જુવો, તમારી પ્રતિજ્ઞા તોડ્યાથી અને અમને કોપાયમાન કર્યાથી તમને તથા તમારા મિત્રોને શું લાભ થશે? સ્પષ્ટ છે કે તમારા મિત્રો દેશનિકાલ થવાના જોખમમાં આવી પડશે, શેહેરી તરીકેના તેમના હક્કો છીનવી લીધામાં આવશે એટલુંજ નહીં પણ તેઓની માલમત્તા પણ

જપ્ત કરવામાં આવશે. અને તમે સૉક્રેટિસ, જો પાસેના ગામડા થીબ્સ અથવા મેગારામાં જશો જેઓનું સારા ધારા અનુસાર રાજ્ય ચાલવવામાં આવેછે, તો ત્યાં તમે તેઓની રાજ્યનીતિના શત્રુ ગણાશો" અને જે લોકોને પોતાના દેશવિષે ભાવ છે તે તમને સંશય ભરી દૃષ્ટીથી જોઈ ધારાના નાશ કરનાર તરીકે ગણશે અને જે ન્યાયાધિશોએ તમને યથાર્થ શિક્ષા કરી છે તેઓના મતને ટેકો મળશે; કારણ કે જે માણસ ધારાઓનો બગાડનાર હોય તે જુવાન અને નબળા મગજના માણસોનો પણ અવશ્ય બગાડનાર હોય. શું ત્યારે તમે આવા સારા ધારાવાળું અને બુદ્ધિમાન માણસોનું શેહેર છોડી જશો? અને તેમ કરશો તો શું તમારૂં આયુષ્ય જીવવાને યોગ્ય ગણાશે?-અથવા સૉક્રેટિસ, શું તમે નિર્લજપણે તેઓની સમક્ષ જઈ જે

વિષયો ઉપર અહીં વાદ કરતા તે વિષે ત્યાં પણ ચરચા કરશો કે માણસોએ નીતિ ન્યાય અને નિયમનો સત્કાર કરવો ? અને શું તમે નથી ધારતા કે સૉક્રેટિસની આ ચાલ અત્યંત વિનયવિરૂદ્ધ કહેવાશે ? તમારે એમ અવશ્ય ધારવું. કદાચ તમે અંહીંથી નહાસી થેસેલી જશો જ્યાં ક્રિટોના મિત્રો રહેછે ત્યાં જેમ એક બંધવો પોતાનો હમેશનો દેખાવ બદલી છુપો વેશ ધારણ કરે તેમ તમને પણ જુદીજ પ્રકારના વસ્ત્રો ધારણ કરેલા અથવા તો કોઈ ચર્મથી વિંટાયલા જોઇ તથા તમે કેવી લુચ્ચાઈ અને છળ રમી નહાસી આવ્યા તે સાંભળી કદાચ તેઓને આનંદ થશે, કારણ કે ત્યાં સઘળે અવ્યવસ્થા અને અનીતિ અત્યંત જોવામાં આવેછે. અને શું ત્યાં તમને કોઇ એમ નહીં કહેશે કે સૉક્રેટિસ, તમે હવે વૃદ્ધ થયાં છો અને જીવવાનો માત્ર થો-

ડોજ સમય અવશેષ રહ્યો છે તો પણ જીંદ-
ગીની નીચ ઇચ્છાને આધીન થઇ પવિત્ર
ધારાઓનું ઉલ્લંઘન કરવાની તમે હીમ્મત
ધરી? જો તમે કોઇને ક્રોધનું કારણ નહીં
આપો તો તેમ નહીં થાય, પણ જો આપશો
તો સૉક્રેટિસ તમારે ઘણાજ અયોગ્ય શબ્દો
સાંભળવા પડશે. ઉપરાંત ત્યાં તમને એક
ગુલામની પેઠે કંગાલ સ્થિતિમાં સઘળા મા-
ણસોના પરાધીન રહેવું પડશે- પણ થેસે-
લીમાં જાણે તમે ઉજાણીએ ગયા હો તેમ
ખાનપાન અને મોજ ર્યા શિવાય બીજું
શું કરશો? ત્યાં તમારી ન્યાય અને નીતિ-
સંબંધી બીજી ચર્ચાઓનું શું થશે? શું તમારે
તમારા પુત્રોને માટે જીવવું છે જેથી તમે તે-
ઓને ઉછેરી તથા કેળવણી આપી પ્રવીણ
કરી શકો? શું ત્યારે તેઓને તમારી જોડે
થેસેલી લઇ જઇ ત્યાં શીખવશો અને અન્ય

દેશના રેહેવાશી કરશો ? જેથી તેઓ વિશેષ આભારી થાય ? કદાચિત તેઓને અંહીજ મૂકી તમે દૂર જઇ માત્ર જીવતાજ હશો તેથી શું તેઓ વધારે સારી રીતે ઉછરશે અને વધારે જ્ઞાન મેળવશે ? કે તમારા મિત્રો તેઓની સંભાળ લેશે ? શું તમે થેસેલી જશો તોજ તેઓ સંભાળ લેશે અને તમે પરલોકમાં જશો તો શું તેઓ નહીં સંભાળ લીયે "?

"માટે ઓ સૉક્રેટિસ અમે જેઓએ તમને ઉછેર્યા છે તેઓનું કહ્યું કરો અને તમારા પુત્રો તમારી જીંદગી અને બીજા કશાને પણ ન્યાયથી શ્રેષ્ઠ નહીં ગણો; કારણ કે જ્યારે તમે પરલોકવિષે ગમન કરશો ત્યારે જેઓનું ત્યાં રાજ્ય છે તેઓની સન્મુખ આ સઘળું તમારે બચાવમાં કહેવું પડશે. માટે જે તમે કરવા ધાર્યું છે તે આ જીંદગીમાં તમને પોતાને અને તમારા કોઇ પણ મિત્રને વધારે

પવિત્ર, સારૂં તથા યોગ્ય લાગશે નહીં. તેમ જ્યારે તમે ત્યાં જશો ત્યારે પણ તમને તે શ્રેષ્ઠ ભાસસે નહીં. પણ તમને અન્યાય થયો છે તેથી તમે જાઓછો તે અન્યાય અમે ધારાઓએ કીધો નથી પણ માણસોએ. માટે આ પ્રમાણે અમારી સમક્ષ કીધેલી પ્રતિજ્ઞા તથા કોલકરાર તોડી, ભૂંડાના બદલામાં ભૂંડું તથા દુઃખના બદલામાં દુઃખ આપી અને તમને પોતાને, તમારા મિત્રોને, તમારા દેશને અને અમને જેઓને તમારે લેશમાત્ર પણ હરકત ન કરવી જોઇએ તેઓને હરકત કરી તમે નહાસી જશો તો યાદ રાખજો કે જ્યાં-સુધી તમે જીવતા છો ત્યાંસુધી તો અમે બેઉ તમારા ઉપર કોપાયમાન રહેશું, પણ પરલોકમાં નિવાસ કરતા ધારારૂપી અમારા ભાઇઓ તમે તમારાથી બને તેટલો અમારો નાશ કરવાનો પ્રયત્ન કીધો છે એવું જાણી

તમને ત્યાં જતાં આવકાર દેશે નહીં. માટે અમારી મતિ વિરૂદ્ધ જે કાંઈ ક્રિટો તમને સમજાવે તે માન્ય કરશો નહીં."

મ્હારા વહાલા મિત્ર ક્રિટો હું ખરૂં કહું છું કે જેમ *સાઈબલની ભક્તોને તેની વાંસળીનોજ અવાજ આવતો તેમ આ ઉપલા શબ્દો પણ મ્હારા કાનમાં અનહદ નાદ કરી રહ્યા છે જે બીજું કાંઇ પણ સાંભળવાને મને અશક્ત કરેછે. તમે ખાત્રીપૂર્વક માનજો કે જ્યાંસુધી હું મ્હારા વર્તમાન વિચારો ધરાવું છું ત્યાંસુધી તે વિરૂદ્ધ જે કાંઈ કહેશો તે વ્યર્થ જશે. તોપણ તમે ધારો કે તમારૂં કહેવું સફળ થઈ શકશે તો ભલે આગળ કહો.

* પવિત્ર ઉત્સવને વખતે કોરીબેન્ટીસ, સાઇબલના પાદરીઓ પોતાની વાંસળીઓથી એવો નાદ કરતા કે તેના શ્રોત્રાઓને તે વગર બીજો કાંઈ શબ્દ સંભળાતો નહીં.

ક્રિ૦—પણ સૉક્રેટિસ મ્હારે કાંઈ કેહે-
વાનું નથી.

સૉ૦—બંધ પડો ક્રિટો, અને પરમેશ્વર
આ રસ્તે દોરવા ઇચ્છેછે તો તે માર્ગ આ-
પણે લ્યો.

સમાપ્ત.

शरीफ सालेमहमद (काठीयावाड), वेरावल.
दाउद शरीफ-भावनगर.

श्री विचारसागर तृतीयावृत्ति रु० ३।* उक्त उत्तम कागजकी रु० ४।* सुंदरविलास आदिक तृतीयावृत्ति रु० २।* उक्त उत्तम कागजकी रु० ३* सटीक अष्टावक्रगीता भाषासहित रु० १* उक्त उत्तम कागजकी रु० १॥।* विचारचंद्रोदय तृतीयावृत्ति रु० ॥।* पंचदशी मूल और भाषा (दो विभागमे) रु० १५* पंचदशी प्र. १. रु० ॥। * पंचदशी प्र. १.५. रु. १* पंचदशी मूल रु० ॥=* ईशाद्यष्टोपनिषद् मूल और भाषा रु० ४* बालबोध सटीक रु० १* पदार्थमंजूषा (वेदांतकोश) रु० ३* वेदस्तुति अन्वययुक्त गुर्जरभाषा रु० ।-* वेदांतविनोद प्रत्येक अंक रु० ⅃-॥* उक्त ग्रंथोका डाकमसूल नहीं पडेगा। मात्र वेल्युपेएबलका डाककमीशन पडेगा.

ઉપયોગી જ્ઞાનસંગ્રહ.

કિંમત રૂ. ૦ા.

જેમાં હસાહસના મનોરંજક ટુચકાઓ, ઘરસંસારી અગત્યના નુસખાઓ, અને તરેહવાર રમુજી કોયડાઓ સમાઆ છે.

મુંબઈ-હાજીમામુ મુરાજ. ડુંગરી સ્ટ્રીટ-ભીમપુડાની બાજુમાં ઘર નં૦ ૯૬.

વેરાવળ-અલાદીન શરીફ સાલેમહમદ.

આ ઉપલા કોઈપણ ઠેકાણેથી મંગાવનારને પોસ્ટેજ પડશે નહીં, અને ૫) થી વધારે મંગાવનારને કમીશન મળશે. બહાર ગામથી મંગાવનારે આરડરનીસાથે પોસ્ટની ટીકીટોથી અથવા મનીઆડરથી પૈસા મોકલવા, નહીં તો વેલ્યુપેએબલથી મોકલી મંગાવનાર પાસેથી ફકત ડાકકમીશન લીધામાં આવશે.

નીચલે ઠેકાણેથી રૂ. ૦ા ની કિંમતે મળશે.

મુંબઈ-સાપુરજી ફરામજી માંડન—કોટ, બઝારગેટ સ્ટ્રીટ, નં૦ ૧૧૬. *દામોદર ઇશ્વરદાસ લાયબ્રેરી—કાલબાદેવી રોડ, રામવાડીપાસે. *શેરીઆરજી હોરમસજી માસ્તર—કાલબાદેવી રોડ, રામવાડી પાસે. ***અમદાબાદ**—ગુજરાતવર્નાક્યુલર સોસાએટી. ***સુરત**—એમ. એમ. દેશાઈની કું૦—કણપીટ. ***ભાવનગર**-શા પાનાચંદ તેજ્ઞ. ***જુનાગઢ**—ગોવીંદજી નાનજી બુકસેલર. ***રાજકોટ**—લખમીચંદ ઉત્તમચંદ.